वर्धमान सागर

# आलोचना प्रायश्चित १
# नोट बुक

૧ અનંતજ્ઞાની પરમકારુણિક જીનેશ્વરદેવકથિત મોક્ષમાર્ગની આરાધના સિવાય જગતનો કોઈપણ આત્મા સુખી થયો નથી થતો નથી, અને થશે પણ નહિ.

૨ એ મોક્ષમાર્ગની આરાધના સંવર અને નિર્જરાદ્વારા થાય છે,
૨
સંવર નિર્જરા તપદ્વારા થાય છે. તપનું પ્રધાન અંગ પ્રાયશ્ચિત્ત છે, માટે તથા જ્ઞાનનું ફળ ચારિત્ર છે. તેનું ફળ મુક્તિ છે.

ચારિત્રની શુદ્ધિ પ્રાયશ્ચિત ઉપર અવલંબિત છે. માટે મોક્ષાર્થીએ પ્રાયશ્ચિત આપત્તિ પ્રતિસેવના આદિ અવશ્ય જાણવા.

૩ તે પ્રાયશ્ચિત ૧ આલોચના ૨ પડિક્કમણ ૩ તદુભય ૪ વિવેક ૫ કાઉસ્સગ્ગ ૬ તપ ૭ છેદ ૮ મૂળ ૯ અનવસ્થાપ્ય ૧૦ અને પારંચિતભેદથી દશપ્રકારે છે.

૧ આલોચનાર્હ :- જે અપરાધગુરુ (આચાર્ય ગીતાર્થ ગુરુ) આગળ બાળકની જેમ પ્રગટ કરવામાં આવે અને તેટલા માત્રથી શુદ્ધિ થાય તે આલોચનાર્હ પ્રાયશ્ચિત કહેવાય.

૨ પડિક્કમણાર્હ :- જે અપરાધ સહસાકારથી અથવા અનુપયોગથી થઈ ગયો હોય પરંતુ જેમાં હિંસાદિ દોષ ન લાગ્યો હોય તે અપરાધની શુદ્ધિ (मिथ्यादुष्कृतमात्रेणैव)

૩ તદુભય :- મિચ્છામિદુક્કડં દેવામાત્રથી થઈ જાય છે. તે પ્રાયશ્ચિત નું નામ પડિક્કમણાર્હ છે. જે અપરાધ ગુરુ આગળ પ્રગટ કરાય અને ગુરુના આદેશથી તે નિમિત્તે મિચ્છામિદુક્કડં

અપાય તે વહુભાર્યાંઇ પ્રાયશ્ચિત્ત કહેવાય.

૪ વિવેક :- આહાર વસ્ત્ર પાત્ર ઉપકરણ ઉપાશ્રય આદિ કોઈપણ દ્રવ્ય ગીતાર્થે કોઈપણ ઉપયોગ પૂર્વક ગ્રહણ કર્યા બાદ અશુધ્ધ જણાય તો વિધિપૂર્વક ત્યાં જય છે. તેથી વિવેકાઈ છે.

૫ વ્યુત્સર્ગાઈ :- શરીરચેષ્ટા રોકી કાઉસ્સગ્ગ કરીને જે અપરાધની શુધ્ધિ કરાય. તે વ્યુત્સર્ગાઈ છે.

૬ તપાઈ :- વિગય ત્યાગથી માંડી છ માસ સુધીનો તપ જ્યાં અપાય તે તપાઈ કહેવાય.

૭ છેદાઈ :- જેમ આખા શરીરની રક્ષા માટે વ્યાધિ દૂષિત અંગને છેદવામાં આવે છે. તે જ પ્રમાણે સંયમરૂપ શરીરની રક્ષા માટે અતિચારના હિસાબે દૂષિતપર્યાયનો જેમાં છેદ કરાય છે.

૮ મૂલાર્હ :- પ્રતિસેવનાવશ દૂષિતપર્યાયનો મૂલથી કાપી ને ફરી મહાવ્રત આપવામાં આવે છે.

૯ અનવસ્થાપ્ય :- જે પ્રાયશ્ચિત્તમાં સંપૂર્ણ પર્યાય કાપવાપૂર્વક અમુક તપ આદિકનો દંડ અપાય કે જે પૂર્ણ ન કરે અને દોષને દૂર ન કરે ત્યાં સુધી જે પ્રાયશ્ચિતી ફરી મહાવ્રતો માટે ફરી ઉપસ્થિત થઈ શકે નહિ તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહેવાય.

૧૦ ~~પ્રાયશ્ચિત્ત~~ પારાંચિત :- છ માસથી માંડી બાર વર્ષ સુધીને માટે અને અપરાધિ વિશેષે હંમેશના માટે વેષ ખેંચવી લઈને કાઢી મૂકવામાં આવે અથવા જે સ્થાનમાં કે ગચ્છમાં રહીને અપરાધ ઉપાર્જ્યો હોય ત્યાંથી કાઢી મૂકવામાં આવે તે અપરાધને પારાંચિત જે આચાર્યને જ હોય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને અનુસરી વધારે ઓછું પણ અપાય. ગ્રંથોમાં જે જે આપત્તિ સ્થાનોમાં

જે જે પ્રાયશ્ચિત આપવા જણાવ્યું છે. તે સામાન્યપણે છે. દ્રવ્યાદિક ચાર પુરુષ અને પ્રતિસેવનાનો વિચાર કરી જણાવેલ પ્રાયશ્ચિતથી ઓછું - અધિક પણ ગીતાર્થ ગુરૂ આપી શકે

દ્રવ્ય :- આહારાદિ દ્રવ્ય બલીષ્ટ સુલભ હોય તો અધિક પણ આપવું અને દ્રવ્ય દુર્લભ અને દ્રવ્ય દુર્બલ અને દુર્લભ હોય તો ઓછું આપવું વળી દ્રવ્ય સંબંધી સ્થિતિ મધ્યમપ્રકારની હોય તો કહ્યાપ્રમાણે આપવું.

ક્ષેત્ર : ક્ષેત્ર જો રૂક્ષ નિર્જલ અથવા ઉષ્ણ. હોય તો ઓછું આપવું શીતલ હોય તો વધારે આપવું

કાલ :- કાલાપેક્ષયા ગ્રીષ્મકાળમાં ઉત્કૃષ્ટ આપત્તિથી અટ્ઠમ આવતો હોય તો શીતકાળમાં ચાર ઉપવાસ, અને વર્ષાકાળ માં તેજ આપત્તિમાં પાંચ ઉપવાસ આપવાં.

ભાવ: ભાવથી હૃષ્ટ અને ગ્લાનની કોઈને હૃષ્ટને આપવું, ગ્લાનને ન આપવું. અન્યથા કાળવિલંબ કરવો.

પુરુષ:- પુરુષ ગીતાર્થ-અગીતાર્થ સહ-અસહ શઠ-અશઠ પરિણામી-અપરિણામી-અતિપરિણામી ધૃતિ-સંઘયણ સંપન્ન, ધૃતિ-સંઘયણહીન, આત્મતરક તપઃસમર્થ, પરતરક વૈયાવચ્ચકર, આત્મપરતરક તપવૈયાવચ્ચ કરવામાં સમર્થ, ઉભય અતરક તપવૈયાવચ્ચ ન કરનાર, અન્યતર તરક તપ કે વૈયાવચ્ચમાંથી એક કરનાર આદિ અનેક પ્રકારનાં હોય છે. વળી કલ્પસ્થિત પરિણત-કૃતયોગી-તરમાણ-અકલ્પસ્થિત-અપરિણત-અકૃતયોગી-અતરમાણ, એ આઠ ભેદના પણ પુરુષ હોય છે. જેમાં કેટલાંક નિરપેક્ષ જિન કલ્પાદિ, અને કેટલાંક સાપેક્ષ ગચ્છવાસી હોય છે. આ પુરુષો પૈકી જેની જેવી શક્તિ હોય તેને તેવું પ્રાયશ્ચિત આપવું.

જે ધૃતિ સંઘયણ સમ્પન્ન હોય, પરિણત કૃતયોગી અને
તરમાણ હોય તેને જીતકલ્પથી અધિક પણ આપવું. એથી
વિપરીત જે ધૃતિ સંઘયણહીન હોય તેને ઓછું આપવું,
અને જે સર્વથા હીન - અશક્ત હોય તેનું સર્વથા ઘટાડી
દેવું. ઇત્યાદિ - બહુગુણ અને પ્રતિસેવાની પ્રધાનતા જોઈને
અધિક પ્રાયશ્ચિત આપવું અને વિપરીત દશામાં ઓછું
આપવું અને અતિશય હીનપણામાં સર્વનો હ્રાસ કરવો.
પ્રતિસેવક જો વૈયાવચ્ચ કરનાર હોય તો તેને પણ અનુગ્રહ
પૂર્વક હલકું પ્રાયશ્ચિત આપવું. પ્રથમનું પ્રાયશ્ચિત વહન
દરમીયાન અન્ય પ્રાયશ્ચિતની આપત્તિ આવે તો તેનો
હ્રાસ કરવો. આલોચના કાળમાં પણ આલોચકના મનનો
સંકલેશ અથવા વિશુદ્ધિ જોઈને અધિક ઓછું કે સમ

માત્રામાં પ્રાયશ્ચિત આપવું.

ભિક્ષુઓ ઘણું કરીને છ પ્રકારનાં હોય છે.

૧ કૃતકરણ ૨ અકૃતકરણ ૩ ગીતાર્થ

૪ અગીતાર્થ ૫ સ્થિર ૬ અસ્થિર.

આ સર્વને યોગ્ય નિર્વિકૃતીથી માંડી અષ્ટમભક્ત પર્યંતના જીત વ્યવહારમાં પ્રાયશ્ચિત કહ્યું છે. જે સામેના પૃષ્ઠ ઉપર આપેલા યંત્રથી જાણવું.

નિરપેક્ષ સાપેક્ષ

| જિનકલ્પ | આચાર્ય | | ઉપાધ્યાય | | ગીતાર્થભિક્ષુ | | | | અગીતાર્થ ભિક્ષુ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કૃત કરણા | અકૃત કરણા | કૃત કરણા | અકૃત કરણા | સ્થિર કૃ.ક | અસ્થિર અ.કૃ.ક | અસ્થિર કૃ.ક | અસ્થિર કૃ.ક | સ્થિર કૃ.ક | સ્થિર અકૃત. | અસ્થિર કૃ.ક | અસ્થિર અકૃતકરણા |
| | પારંચિત | અનવસ્થાપ્ય | | મૂલ | મૂલ | છેદ | છેદ | દ્દી | દ્દી | ૬ | ૬ | શ્રી |
| | અનવસ્થાપ્ય | મૂલ | મૂલ | છેદ | છેદ | દ્દી | દ્દી | દ્દી | ક્કી | ક્કી | ક્કી | ક્કી |
| મૂલ | મૂલ | છેદ | છેદ | છેદ | દ્દી | દ્દી | દ્દી | દ્દી | ક્કી | ક્કી | ક્કી | |
| છેદ | છેદ | દ્દી | દ્દી | દ્દી | દ્દી | ક્કી | ક્કી | ક | ક | ૦ | ૦ | ૦ |
| દ્દી | દ્દી | દ્દ | દ્દી | ક્કી | ક્કી | ક | ક | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ |
| ૬ | ૬ | ક્કી | ક્કી | ક | ક | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ક્કી | ક્કી | ક | ક | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૦ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૫ |
| ૦ | ૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૫ | | |
| ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૫ | | | | |
| ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૫ | | | | | | |
| ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૫ | | | | | | | | |
| ૧૦ | ૧૦ | ૫ | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | ૮ |

યંત્રકનું સ્પષ્ટીકરણ :-

યંત્રના શીર્ષક ઉપરથી જણાશે કે આ દાનયંત્રક જીતવ્યવહારાનુસારિ છે. યંત્રકના શીર્ષક નીચેના બે વિભાગોથી પ્રાયશ્ચિત્ત અધિકારી બે પ્રકારના હોય છે. એક નિરપેક્ષ, બીજા સાપેક્ષ. નિરપેક્ષમાં જિનકલ્પિક પરિહાર વિશુદ્ધિ આદિકનો સમાવેશ થાય છે. આચાર્ય અને ઉપાધ્યાય પ્રત્યેક કૃત અને અકૃતકરણ એમ બે પ્રકારના હોય છે, જ્યારે ભિક્ષુઓના મુખ્યભેદ ગીતાર્થ અને અગીતાર્થ એ બે અને પેટાવિભાગરૂપે દરેક સ્થિરકૃતકરણ અને સ્થિર અકૃતકરણ અસ્થિરકૃતકરણ અસ્થિર અકૃતકરણ એ ચાર હોય છે. નિરપેક્ષોને માટે પ્રાયશ્ચિતની શરૂઆત ભિન્ન માસના ૫થી થાય છે અને મૂળ ઉપર જઈને અટકે છે. એમને માટે મૂળ ઉપરાન્ત પ્રાયશ્ચિત વિધાન નથી. સાપેક્ષો પૈકી કૃતકરણ આચાર્ય માટે ભિન્નમાસના બે પંચકો સૌ થી

(૧૦૬) સુધી માંડી પારાચિત સુધી પ્રાયશ્ચિત અપાય છે. પણ અકૃતકરણ આચાર્ય માટે પંચકથી શરૂઆત થઈ અનવસ્થાપ્ય સુધી જઈને અટકે છે. કૃતકરણ ઉપાધ્યાયને અંગે બે પંચકથી (દશકથી) શરૂ અને અનવસ્થાપ્ય ઉપર સમાપ્ત અકૃતકરણ ઉપાધ્યાયને અંગે એક પંચકથી લઈ મૂળ ઉપર સમાપ્ત અકૃતકરણ ઉપાધ્યાયને અંગે એક પંચકથી લઈ મૂળ ઉપર સમાપ્ત. ગીતાર્થ સ્થિરકૃતકરણ ભિક્ષુને અંગે દસકથી મૂળ પર્યન્ત ગીતાર્થ સ્થિર અકૃતકરણને અંગે પંચકથી છેદ પર્યન્ત અસ્થિરકૃતકરણને અંગે ગીતાર્થ ભિક્ષુને અંગે દશકથી છેદ પર્યન્ત અસ્થિર અકૃતકરણ ગીતાર્થ ભિક્ષુને અંગે પંચકથી ષટ્ગુરૂપર્યન્ત એ જ રીતે અગીતાર્થ સ્થિરકૃતકરણ અગીતાર્થ સ્થિરઅકૃતકરણ અગીતાર્થ અસ્થિરકૃતકરણ અગીતાર્થ અસ્થિરઅકૃતકરણ ભિક્ષુને એક એક પદ ઘટાડતાં છે.

ઉક્ત અગીતાર્થ અસ્થીર અશ્રતકયણ ભિક્ષુને પંચકથી માંડી મૂલછેદ સુધીનું પ્રાયશ્ચિત હોય છે.

१ अकृतकरणा:- तपोभी: परिकर्मित शरीरा: इत्यर्थः

२ अकृतकरणा: तपोभिरपरिकर्मित शरीरा: इत्यर्थ

३ गीतार्था: अधिगताचार प्रकल्पादि निशी। थान्त श्रुता:

४ अगीतार्था: तद् विपरिता:

५ स्थिरा: ये परिषहादिभि र्दर्शनत: परिषह उपसर्गो: परगत: अविकर्कश प्रायश्चित द्दानत: स्वीमापर्ता वा न च्याव्यन्ते नहय शाळ जीत कल्प गाथा २७८ नी टीका.

ચાર પ્રકારની પ્રતિસેવના:- પ્રતિસેવના અર્થાત્ નિષિદ્ધાચરણ જેમાં પ્રાયશ્ચિતની આપત્તિ હોય છે તે આ પ્રકારે થાય છે.

૧ આકુટ્ટીથી, દર્પથી, પ્રમાદથી અને કલ્પથી આકુટ્ટિકાદિની વ્યાખ્યા

संकप्पकरणाई कंदप्प नाणकारणाईआ -
आउट्टिदप्प पमायकप्प पडिसेवणा चउरो ॥
कप्पपडिसेवणा चउरो ॥ जीतकल्पगाथा ૭૭.

અર્થ:- સંકલ્પ અર્થાત જ્ઞાન અને આગ્રહવાળો સાવદ્યકાર્ય વિષયક નિશ્ચય તે આકુટ્ટિ ઉન્માદપૂર્ણ હીડધામતે દર્પ, કુતુહલવશ અસાવધાન પ્રવૃત્તિ તે પ્રમાદ અને જ્ઞાન દર્શન આદિ વિશિષ્ટગુણ પ્રાપ્તિનો ઉદ્દેશ તે કલ્પ આ ચાર કારણથી કરાતી પ્રતિસેવના અનુક્રમે આકુટ્ટિ પ્રતિસેવના, દર્પપ્રતિસેવના, પ્રમાદપ્રતિસેવના અને કલ્પપ્રતિસેવના કહેવાય છે. શ્રી નરેશ્વરકૃત સમાચારીમાં ૧૦ પ્રકારની પ્રતિસેવના જણાવી છે. ઉક્ત સમાચારીમાં આકુટ્ટિ પ્રતિસેવનાનું લક્ષણો નીચે મુજબ છે.

आकुट्टिरुपेत्य प्राणातिपातादिकरणं । दर्पो धावनवल्गनादिक:
कन्दर्पो वा प्रमादो निरवधानतया प्राणातिपातादिकरणं कल्प:

कारणेन - गीतार्थस्य उपयुक्तस्य यतनया आधाकर्मादिसेवनं

= અર્થ સમજપૂર્વક પ્રાણાતિપાતાદિ વિષયક પ્રવૃત્તિ તે આકુટ્ટિ.
દોડવું કૂદવું તે દર્પ અથવા ઉન્માદપૂર્વક ચેષ્ટા તે દર્પ.
પ્રમાદ એટલે અસાવધાનતા. દર્પ અને પ્રમાદવશ હિંસાદિ
પાપકારી પ્રવૃત્તિ તે દર્પપ્રતિસેવના અને પ્રમાદપ્રતિસેવના
કલ્પપ્રતિસેવના એટલે કારણવશ ગીતાર્થ સાધુ દ્વારા
ઉપયોગપૂર્વક આધાકર્માદિ દોષદુષ્ટ આહારાદિનું સેવન.
અહીં જિતાનુસારે જે જે અપરાધોના જે જે પ્રાયશ્ચિત્તો કહ્યા
છે તે બધા પ્રમાદ પ્રતિ સેવનને આશ્રીને કહ્યા છે. એ જ
અપરાધો દર્પથી કર્યા હોય તો એથી એક સ્થાન ઉપરનું
પ્રાયશ્ચિત આપવું. અર્થાત્- પ્રમાદવશ થયેલા અપરાધનું
પ્રાયશ્ચિત નિર્વિકૃતિક હોય, તો દર્પવશ થયેલ તો જ

અપરાધમાં પરિમુઠ આપવું અને આકુટ્ટિવશ લે જ અપરાધમાં એકાસણું આપવું આ પ્રમાદ કરતાં દર્પમાં, દર્પ કરતાં આકુટ્ટિ-માં એક એક સ્થાનમાં વધારીને પ્રાયશ્ચિત આપવું. પ્રમાદ પ્રાયશ્ચિતની શરૂઆત નિવીથી અને સમાપ્તિ અવઢમાં થાય છે દર્પ પ્રાયશ્ચિતની શરૂઆત પરિમુઠથી થાય છે અને સમાપ્તિ ચાર ઉપવાસથી થાય છે. જ્યારે આકુટ્ટિ પ્રાયશ્ચિતની શરૂઆત એકાસણાથી થઈ પાંચ ઉપવાસમાં સમાપ્ત થાય છે અથવા આકુટ્ટિ કરેલ પ્રતિસેવનાથી તે તે અપરાધપદનું અંતિમ ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત અપાય છે. કલ્પપ્રતિસેવનાનું પ્રાયશ્ચિત મિચ્છામિ દુક્કડં અથવા આલોચના અને મિચ્છામિ દુક્કડં બને આપે છે.

## તપના સાંકેતિક નામો

૧ નિવિકૃતિક ૨ પુરિમુઢ ૩ એકાસણું ૪ આયંબીલ ૫ ઉપવાસ ૬ છઠ્ઠ ૭ અઠ્ઠમના અનુક્રમે ૧ ભિન્નમાસ ૨ લઘુમાસ ૩ ગુરુમાસ ૪ ચતુર્લઘુ ૫ ચતુર્ગુરુ ૬ ષડ્લઘુ ૭ ષડ્ગુરુ આ સિવાય પણ પ્રાયશ્ચિત ગ્રંથોમાં બીજા પણ નામો છે.

નિવિકૃતિકના નામો ૧ અરસ, ૨ ત્રિપાદ, ૩ નિર્બંદ, ૪ નિઃસ્નેહ, ૫ રૂક્ષ, ૬ ચનિકર્મ, ૭ વિરસ, ૮ પિંડ

पुरिमढ नामान्तराणि कालातिक्रम, पितृकाल, पूर्वार्द्ध, मध्याह्न लघु-विलंब

## આયંબીલના બીજા નામો

અમ્લ, એકાન્ન, કામઘ્ન, દ્વિપાદ, ધાતુક્ષય, શીત, સરલ,

ઉપવાસના નામો

૧ સનાગર ૨ ઉત્તમ ૩ ગુરૂ ૪ અનુત્પાદ ૫ ધન ૬ ધર્મ ૭ નિષ્પાપ ૮ પથ્ય ૯ પર ૧૦ પ્રશમન ૧૧ મોક્ષ ૧૨ મુક્ત, સામ

છઠ્ઠના નામો :- પુણ્ય, ભદ્ર, સુખ-હિત

અઠ્ઠમના નામો :- કૃત્ય-દિવ્ય-પ્રમિત-મિત્ર-શિવ સુંદર

આ ઉપરાંત બીજાં સાંકેતિક નામો તપના નામો છે. એકને બદલે બીજા તપ આપવાના નિયમો :-

જે વિરાધનામાં જે તપ ઉક્ત હોય, તે જ તપ મુખ્યરીતે અપાય છે. પરંતુ દ્રવ્યાદિકનો વિચાર કરીને તે તપને ઉગ્ર અથવા નરમ પણ કરી શકાય છે. ઉદાહરણ તરીકે કોઈને પંચેન્દ્રિય વિરાધના એ પાંચકલ્યાણકની આપત્તિ

થઈ હવે વિરાધકની પરિણામ અને પ્રકૃતિનો વિચાર કરતાં જો કે તે દુષ્ટ લષ્ટ પુષ્ટ અને અપશ્રાતાપી જણાય તો તેને પંચકલ્યાણક આપવું પણ આલીકાબદ્ધ આપવું. એટલે કે નીવી - પરિમુઢ - એકાસણ; આયંબીલ અને ઉપવાસ એ પાંચ તપ આલીકાબદ્ધ કરવાનો આદેશ કરવો. અને પાંચ ઓલી આંતરા વગર પુરી કરવાનું કહેવું. પણ વિરાધક જો પશ્ચાતાપ કરતો હોય અને શરીરે નિબલ હોય તો તેજ પંચકલ્યાણક છુટા છુટા આપવાં અને એક એક કલ્યાણક પણ ઓળી બદ્ધ ન કરાવનાં દરેક પચ્ચખાણ છુટું છુટું કરવાની આજ્ઞા કરવી. વિશેષ સરળતા કર્યા છતાં પણ કોઈનું સંઘયણ એવું હોય કે તે ઉપવાસ, આયંબીલ કરવા માટે અશક્ત હોય અથવા તેને કરવામાં તેને અનિવાર્ય

અગવડ હોય તો તેને તેવી ઉપવાસ આદિવાળી તપશ્ચર્યા કેવી રીતે પુરી કરવી? એ તપશ્ચર્યા પાર પાડવા માટે પૂર્વાચાર્યોએ વિધાન કર્યું છે કે ઉપવાસાદિને બદલે આયંબીલ આદિથી માંડીને નવકારશી પર્યંત પચખાણ કરીને પણ તપ પહોંચાડવા જોઈએ અને આવી પરિસ્થિતિમાં એક ઉપવાસના બદલે કઈ તપશ્ચર્યા કેટલા પ્રમાણમાં કરવી જોઈએ તેની વીગત:—

## ઉપવાસ થવાનું કોષ્ટક

| સંખ્યા | તપ | ઉપવાસ | સંખ્યા | તિવિહારપુરિમઢ |
|---|---|---|---|---|
| ૧ | ઠાશાની આશના આયંબીલનાં | ૧ | ૧૨<br>૧૨ | દુવિહાર અવઢ ૧ |
| ૧ | સંઘેલા અનાજ ઉપર બે ત્રણ કે ચાર આંગળ પાણીવાળા આયંબીલનાં | ૧ | ૧૬ | દુવિહાર પુરિમઢ ૧ |
| ૨ | આયંબીલનાં | ૧ | ૨૦ | સાઢપોરસિ ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | નીવીનો | ૫ | ૨૪ | પોરસિ | ૧ |
| ૪ | એકાસણાં | ૧ | ૧૬ | મુક્કલનીવી | ૧ |
| ૪ | અવઢ | ૧ | ૪૫ | નવકારશીમવાં જરે ૪૮ | ૧ |
| ૮ | ચોવિહાર પુરિમઢ | ૨ | ૨૦૦૦ | સ્વાધ્યાય | ૧ |
| ૯ | એકાસણા મત્તાંતરે મુક્કલનીવિ | ૧ | ૪ | નવીમાગધી ગાથા મુજબ | ૧ |
| ૧૦ | તિવિહાર અવઢનો | ૧ | — | આપાઠ છુયવાનાછે | — |

ઉપર જણાવ્યા પ્રમાણે એક ઉપવાસ પૂર્તિ વીશ પ્રકારે થઈ શકે છે. એવી જ રીતે આયંબિલ આદિની અશક્તિમાં તેને બદલે બીજા તપો આપવાં. એક કલ્યાણકના બદલે બે ઉપવાસ અને પાંચ કલ્યાણકના બદલે ૧૦ ઉપવાસ આપવાનું વિધાન પણ છે. પાંચ કલ્યાણની અશક્તિમાં ૨૦ આયંબીલ ૪૦ એકાસણા, ૮૦ પરિમુઢ તેવી પણ અશક્તિના અંગાવે ૩૨૦ મુક્કલનીવી વગેરે

યોગ માત્ર આપવી. જેની જેવી શક્તિ હોય તેવો તપ તેને આપવો. ચાર ૩ કે ૨ કલ્યાણકની પ્રાપ્તિમાં એક કલ્યાણક પણ આપે અને સર્વથા અસહિષ્ણુને માફ પણ કરવું

શોધિ આપનારે ધ્યાનમાં રાખવાની વાતો :—

શોધિ આપનારમાં કેવી યોગ્યતા અને ગુણો હોવા જોઈએ તેનો ટુંકો ખ્યાલ અત્રે આપવામાં આવે છે.

૧ આલોચના લેનાર અને આપનાર સ્વપક્ષ હોય એટલે કે બંન્ને પુરૂષ હોય અથવા બંન્ને સ્ત્રી હોય તો તે ચાર કાનથી આગળ ન હોવી બે કાન લેનાર અને બે કાન આપનારના હવે જો પરપક્ષ હોય એટલે એક પુરૂષ અને એક સ્ત્રી હોય તો છ કાનથી આગળ ન હોવી જોઈએ બે કાન આપનાર આચાર્યના બે પ્રાયશ્ચિત લેનાર સ્ત્રીના અને બે તેની સાથે

આપનાર સ્ત્રીના દુવે જો પ્રાયશ્ચિત દાતા આચાર્ય યુવાન હોય

તો અસ્ટકર્ણ પણ સમજવા.

૨ પ્રાયશ્ચિતદાતાના ગુણો :- આચાર પ્રકલ્પ નિશીથ આદિશ્રુત સૂત્રાર્થ વેત્તા. ૨ સૂત્રોપદેશ વડે મોક્ષ અવિરોધિ મન-વચન-ક્રિયાના યોગમાં તત્પર ૩ નિરતિચાર આસ્તિવાન ૪ યુક્તિપ્રયુક્તિ-પૂર્વક પ્રાયશ્ચિત ગ્રહણ કરાવવામાં પ્રવીણ ૫ પ્રાયશ્ચિતના ગ્રંથોનો અભ્યાસી ૬ આલોચકના ગમે તેવા દોષો સાંભળવા છતાં વિષાદથી પર તથા વૈરાગ્યગર્ભિત વચનો વડે આલોચકના ઉત્સાહને વધારનાર, પંચાચાર પાલક, આલોચિત અપરાધનો ધારક આગમાદિ પાંચ વ્યવહારનો જ્ઞાતા, લજ્જાથી અપરાધને ગોપવનાર, આલોચકને મધુરવચનો વડે, સમ્યક્ આલોચના કરાવનાર વિશુદ્ધિ કરાવવામાં સમર્થ, ગુપ્તિમાં ગુપ્ત અપરાધને અન્યને ન કહેનાર, •ઉચિત

પ્રાયશ્ચિત આપવા. ~~દ્વારા~~ પ્રાયશ્ચિત કરાવનાર અમાયાવી અથવા પાપને છુપાવનારને આલોક અને પરલોકના અપાયો બતાવી દુર્લભબોધિતા થશે એમ કહેનાર આ આઠ ગુણો અને આગળ બતાવેલા છ ગુણો પ્રાયશ્ચિત દાતામાં હોવા જોઈએ.

આલોચકના ગુણો:- જાતિવાન, કુળવાન, વિનયવાન, ઉપશાંતવાન, જીતેન્દ્રિય, શ્રુતજ્ઞાનવાન, શ્રદ્ધાવાન, આલોચના લીધા પછી પશ્ચાતાપ નહિ કરનાર, અમાયાવી, આસ્તિવાન ૧૦ ગુણો છે.

આલોચકના ૧૦ દોષો:- आकम्पयिता, अनुमानयिता, अन्यदृष्ट आलोचयिता न पुनरदृष्टं ૪ બાદર અતિચાર આલોચિતા ન સૂક્ષ્મ ૫ સૂક્ષ્માતિચાર આલોચિતા, ન બાદર ૬ આચાર્ય ન સાંભળે તે રીતે પ્રાયશ્ચિત કથક. ઘણાંના મોઢે પોતાના અપરાધને કહેનાર મોટાશબ્દોથી પ્રાયશ્ચિ

લેનાર, છેદસૂત્ર નહિ જાણનાર પાસે પ્રાયશ્ચિત લેનાર પોતાના જેવા જ અપરાધ સેવનાર આચાર્યાદિ પાસે પ્રાયશ્ચિત લેનાર આલોચના લેવા માટે દિનશુદ્ધિ આદિ કેટલીક વિગતો:

દિનશુદ્ધિ :- વાર્ષિક અથવા બાલ્યાલોચના આપવી વખત બને ત્યાં સુધી પંચાંગ તિથિવાર નક્ષત્રકરણ અને યોગશુદ્ધિ જોવી.

આલોચનાના નક્ષત્રો :- અશ્વિની, રોહિણી, મૃગશીર, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ટ, શતભિષા, ઉત્તરાભાદ્રપદ ને રેવતી આ સાત નક્ષત્રોમાંથી કોઈ નક્ષત્ર હોવું જોઈએ.

૨ આલોચનાની તિથિઓ - ૪ સિવાયની

૩ આલોચનાની વારો :- રવી, સોમ, બુધ, ગુરુ અને શુક્ર

૪ આલોચનાના કરણો :- ભદ્રા સિવાયનું કોઈપણ શુભ છે.

૫ શોધિ દેનારનો ચંદ્ર અનુકુળ હોય ત્યારે આલોચના લેવી

~~નિયતઆલોચના~~ સામાન્ય રીતે વ્રતીને પાક્ષીક ચાતુર્માસિક અને વાર્ષિક આ ત્રણ પ્રકારની આલોચના નિયત છે. એટલે કે દર પખ્ખીએ (ચઉદસે) દર ચોમાસી અને દર સંવત્સરીએ પોતાના અપરાધો યાદ કરી ગીતાર્થ ગુરુપાસે પ્રાયશ્ચિત લેવું ગીતાર્થ ગુરુની શોધ માટે જરૂર પડે બાર વરસ રાહ જોવી. ક્ષેત્રથી જોજન સુધી પણ ગીતાર્થોની શોધ કરવી. પાક્ષિક ચાતુર્માસિક અને વાર્ષિક આલોચનામાં નીર-તિચાર હોય તો પણ અનુક્રમે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આપવો. શ્રાદ્ધજીત કલ્પના મતે આલોચક શુદ્ધ હોય તો પણ ચાતુર્માસિક

વાર્ષિક અને સામાન્ય આલોચના પેટે એક એક પંચકલ્યાણક આપવું.

આલોચના પ્રવેશકાળ - આલોચનામાં અપાતા તપની પૂર્તિ માટે તેટલી જ કાલાવધિ આપવી કે જેટલા કાળનું પ્રાયશ્ચિત હોય અર્થાત્ પાક્ષિક માટે એક પખવાડિયાની ચાતુર્માસિક માટે ચાર માસ અને વાર્ષિક માટે એક વરસની ઉત્કૃષ્ટ અવધિ આપવી. સામાન્યરીતે બાલલોચના અથવા બીજા કોઈ મોટા પાણ્માસિક પ્રાયશ્ચિત સિવાય દરેકનો આલોચના પ્રવેશકાળ વધારેમાં વધારે એક વર્ષનો આપવો જોઈએ [જ શોધિ ન લેવામાં]

૪ શોધિ ન લેવામાં વાર્ષિક વૃદ્ધિ ;- ઓછામાં ઓછી વર્ષમાં એક વખત શોધિ લેવી જ જોઈએ, અન્યથા શોધિમાં ત્રણ વર્ષ સુધી પ્રતિવર્ષ પાંચ પાંચ આયંબીલની વૃદ્ધિ થાય છે.

ઉદાહરણ તરીકે એક વર્ષ વાર્ષિક આલોચના ન લઈને
બીજે વરસે બે વરસની સાથે લેતા બે વર્ષની જે
આવતી હોય તે ઉપરાંત પાંચ આયંબીલ અધિક આપવાં,
અને ત્રીજે વરસે ૧૦ ચોથે વરસે ૧૫ આયંબીલની વૃદ્ધિ
કરવી. ૫ એક અપરાધમાં ૧૦ ગુણાથી અધિક પ્રાયશ્ચિત
ન આપવું. કોઈપણ એક અપરાધમાં ગમે તેટલી વિરાધના
થઈ હોય પણ તેની શુદ્ધિ નિમિત્તે ૧૦ ગુણાથી વધારે ન
આપવામાં ઉદાહરણ તરીકે પૃથ્વીકાયના એક સંઘટ્ટામાં એક
ભિન્ન માસ (નીવી) બેમાં બે યાવત્ ૧૦ વખત સંઘટ્ટો
થયો હોય તો ૧૦ નીવી આપવી. પણ દશ ઉપરાંત સેંકડો કે
હજારો સંઘટ્ટા થયા હોય તો પણ શોધિ ૧૦ ભિન્ન માસથી
અધિક ન આપવી. એ જ રીતે વિકલેન્દ્રિય વિરાધના તથા

અન્ય કોઈપણ અપરાધ માટે સમજી લેવું.

૬ ષણ્માસિક તપ અને ૩ લાખ ૬૦ હજાર સ્વાધ્યાયથી અધિક તપ સ્વાધ્યાય ન અપાય. સાધુ કે શ્રાવક ગમે તે હોય અને ગમે તેવો અપરાધી હોય છતાં ષણ્માસિક તપ અર્થાત્ ૧૮૦ ઉપવાસથી અધિક તપ ન આપવો. કારણ કે ચરમ તીર્થપતિ શ્રીમાન મહાવીર પ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટ તપોભૂમિ ષણ્માસિક તપ જ છે, એ ઉપરાંત અપરાધાનુસારી સ્વાધ્યાય આપવો અને તે પણ ૩ લાખ ૬૦ હજાર સુધી એ ઉપરાંત સ્વાધ્યાય પણ ન અપાય જો આલોચક અધિક કઠોર પરિણામી હોય. ષાણ્માસિકથી પણ ન દબાય એમ જણાય તો તે ઓળીનિબદ્ધ કરી આપવું. આ તિલકસૂરિનું એ કથન છે કે જો આલોચક સમર્થ હોય, તો ષાણ્માસિકનો નિયમન રાખવો

યથાપ્રમાણ તપ આપવો.

૭ સંઘટ્ટ પરિતાપ, ઉપદ્રવની વ્યાખ્યા, સંઘટ્ટ આ શબ્દનો અર્થ સ્પર્શ છે, એ કેન્દ્રિયાદિ જીવને સ્પર્શ થવાથી તે જીવને ભય અને કીલામણા થાય છે તેથી તે પ્રાયશ્ચિતનું કારણ બને છે.

પરિતાપ: આ શબ્દનો અર્થ પીડા થાય છે. કોઈપણ જીવને દાબવા ચાંપવા ઘસવાદિ પ્રહાર આદિથી પીડા ઉપજાવવી તે પરિતાપ કહેવાય. તેના બે ભેદ છે અગાઢ પરિતાપ, ગાઢ પરિતાપ ખમીશકાય તેવી પીડાને અગાઢ અને સહી ન શકાય તેવી જેને પરિણામે જીવો મૂર્છાવસ્થા સુધીના કષ્ટને પામે તે ગાઢ પરિતાપ કહેવાય છે.

ઉપદ્રવનો અર્થ વિનાશ એવો થાય છે. પ્રાણમુક્ત તથા સંઘટ્ટ

अगाढ परिताप, गाढ परिताप अने उपद्रवमां अनुक्रमे एक एक अधिक प्रायश्चित आवे. उदाहरण तरीके एकेन्द्रियना संघट्टमां नीवी, अगाढ परितापमां पुरिमड्ढ, गाढ परितापमां एकासणुं उपद्रवमां आयंबील

९ श्रावकने एकेन्द्रियनी विराधनानुं प्रायश्चित क्यारे आपवुं.

श्रावकोने अंगे पृथ्वी आदि एकेन्द्रिय जीवोनी विराधना प्रायः करीने, सामायिक पौषध, पडिमा अभिग्रहना अभावमां जाणवी जोइए; अर्थात् सामायिक आदिमां एकेन्द्रियनो संघट्टो करे अथवा एकेन्द्रियनो संघट्टो न करवानो अभिग्रह होवा छतां अनुपयोग आदिथी संघट्टो करे त्यारे आपवुं.

१० निरपराधीने प्रायश्चित न आपवुं तेमज वधतुं ओछुं न आपवुं तेमज वधतुं ओछुं न आपवुं. कारण के तेम करवाथी

આપનાર ગુરુસ્થાનની આશાતનાનો ભાગી બને છે. તે માટે લઘુ પ્રાયશ્ચિત વિધિકાર લખે છે કે

सुत्ते य इमं भणियं अपच्छित्ते य देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं आसायणा तस्स महई उ ॥

આ સિવાય શ્રાદ્ધજીત કલ્પની ૨૧મી ગાથામાં કહ્યું છે કે

જે કે . जो अमुणत्ता शुद्धिं अपच्छित्ते अ देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं आसायणा तस्स महई उ ॥

ઉપરના વચનોથી એ સાબિત થાય છે કે પ્રાયશ્ચિત્ત આપનારની જવાબદારી અને જોખમદારી શાસ્ત્રકાર મહર્ષિઓએ ઘણી ઉંચા પ્રકારની બતાવી છે; આ વાતને સમજાવીને જ હાલમાં પાનાઓ ઉપરથી છેદસૂત્રની જાણકારી વીના આપે છે તે ભૂલ કરે છે.

## श्राद्धा लोचन प्रकरण :-

શ્રાદ્ધ આલોચના સામાન્ય રીતે બાર પ્રકારની હોય છે. ૧ ભવઆલોચના અથવા જન્માલોચના ૨ દ્વિતીયાલોચના, તૃતીયા-લોચના, વાર્ષિકાલોચના, અપરાધાલોચના, બાળ અને વયસ્ક ભેદે ભવાલોચના બે પ્રકારે હોય. પાંચથી ૧૮ વર્ષ સુધીની અવસ્થામાં અપાય તે બાલાલોચના. તે પછીની વયસ્કાલોચના, બાલાલોચના ૧૮ વર્ષમાં ત્રણ વખત લઈ શકાય અને વયસ્કાલોચના ૮૧ વર્ષમાં બે વખત લઈ શકાય. આ કારણથી અનુક્રમે આ બંનેના ત્રણ અને બે ભેદો હોય છે. અલ્પારંભી, મધ્યારંભી, ઉત્કૃષ્ટારંભી બાળ અને વયસ્કના ભેદો એ બાળ તૃતીયાલોચના અને વયસ્ક દ્વિતીયાલોચના એ બંનેના ત્રણ ત્રણ ભેદ હોય છે. ભવઆલોચના અથવા જન્માલોચના. દ્વિતીયાલોચના લીધા પછી

પ્રતિવર્ષ લેવાતી આલોચના વાર્ષિક આલોચના કહેવાય; આલોચના પ્રાયઃ ૧૮ વર્ષથી અધિક ઉંમરવાળાઓ માટે છે, તેથી શાસ્ત્રમાં એને વૃદ્ધાલોચના પણ કહેવાય. અપરાધાલોચના સામાન્ય રીતે ત્રણ પ્રકારની હોય છે ૧ આશાતના લોચના ૨ વ્રતાલોચના ૩ આરંભાલોચના.

૧ જ્ઞાનાદિ પંચાચાર અને દેવગુરુધર્મ આદિની આશાતનાજન્ય આલોચના તે આશાતના લોચના

૨ સમ્યક્ત્વ મૂળ બાર વ્રત આદિના અતિચારની આલોચના તે વ્રતાલોચના

૩ પ્રાણાતિપાતાદિ આશ્રવોની આલોચના તે આરંભાલોચના

૨ સેવાકાયના ગ્રહણ વિધિ :- વર્ષા ચોમાસાના ચાર માસ, પોષ ચૈત્ર આ છ માસ છોડી બાકીના ગમે તે મહિનામાં યોગ બતાવી ગયેલા તિથિ વાર નક્ષત્ર ચંદ્ર બળાદિવાળો દીવસ જોવડાવી નક્કી કર્યા પછી બાળક વૃદ્ધ ગ્લાનાદિના શોધિ લેવા. શુદ્ધ દિવસે ગીતાર્થ ગુરુપાસે જાય અને ગુરુપૂજન કરે પછી એકાંતે આસન બેઠક ગુરુ મહારાજની આજ્ઞાપૂર્વક ઈર્યા વહી પડિક્કમણું કરી દ્વાદશાવર્ત વંદન કરે પછી ખમાસમણ દઈ કહે ઈચ્છકાર સંદિસહ ભગવાન્ શોધિલી आपनी मुहपत्ति પડિલેહું ગુરુ કહે ઈચ્છ. કરી મુહપત્તિ પડિલેહે. અને ખમાસમણ દઈ કહે ઈચ્છા. શોધિ સંદિસાઉં, ગુરુ કહે સંદિસાવો, બીજું ખમાસમણ દઈ ઈચ્છા. શોધિ લેઉં ગુ. લેજો. ઈચ્છં કરી ખમાસમણ દઈ કહે ઈચ્છ. ભગ. પસાય કરી

શોધી દીધી. ગુ. દીમિ. પછી હાથ જોડી શ્રાવક કે શ્રાવિકા ઉભડક પગે ઢીંચણના બળે બેસી પછી ગુરુ નીચેની ગાથાઓ કરીને અર્થ સમજાવી.

તે પછી આલોચક પોતાની પાંચ વર્ષની ઉંમરથી માંડી આલોચનાના સમયસુધીના કરેલ પ્રાણાતિપાતાદિના અતિચારો પાપો યાદ કરીને ગુરુ આગળ સરળ સ્વભાવે પ્રગટ કરી અને સર્વ કાંઈ આલોચના પછી નીચેની ગાથાઓ કહીને 'મિચ્છામિ દુક્કડં' દે છે ઉમેરથી મૂકાવો

૨ દાનવિધિ: ભવાલોચના આપનાર ગીતાર્થે સર્વ પ્રથમ આલોચકની ઉંમર પૂછી લેવી જોઈએ. તે પછી તેણે આલોચના દરેક અપરાધાદિને ધ્યાનમાં રાખી શુદ્ધિ આપવી. જો બધી હકીકત યાદ ન રહે તો તેનું ટાંચણ કાગળ ઉપર કરી લેવું તે પછી દરેક અપરાધની શુદ્ધિનું પ્રાયશ્ચિત આપવું. ભવાલોચનામાં અપરાધોના હિસાબે

પ્રાયશ્ચિત ઓછું આવતું હોય તો પણ પ્રતિવર્ષના હિસાબે જેટલું આવતું હોય તેટલું તો આપવું જ જોઈએ. આલોચકની ઉંમરની સાથે પ્રાયશ્ચિત પણ વધતું જાય છે, તેથી આલોચકની અવસ્થાના ત્રીક બનાવવા, ત્રીકે ઓછામાં ઓછા બે, વધારેમાં વધારે નવ હોઈ શકે. આલોચક પાંચ, છ વરસની હોય તો બે ત્રીક ૨૫-૨૭ વરસની ઉંમરનો હોય તો ૯ ત્રીક થશે. ૨૭ વરસવાળાને પાણ્માસિક તપ ૧૮૦ ઉપવાસ થઈ જતાં હોવાથી એથી અધિક ઉંમરવાળાને પણ તપનાં નવ ત્રિક સુધીનાં જ આપવાં પણ સત્તાવીશ વર્ષથી અધિક જેટલા વર્ષ હોય તે ગણી પ્રતિવર્ષ પાંચ હજારના હિસાબે સ્વાધ્યાય વધારે આપવાં. આ હિસાબે ૧૦૦ વર્ષની ઉંમરવાળાને ૧૮૦ ઉપવાસ અને ત્રણ લાખ પાંસઠ હજાર સ્વાધ્યાયનું પ્રમાણ આવશે. કેટલાક આચાર્યોના મતે તપ અને સ્વાધ્યાય બંને

મળી ૩૬૦ ઉપવાસનો જોગ થવો જોઈએ. અધિક નહિ હોય કે તપ સ્વાધ્યાય બંને મળી વાર્ષિક ૧૫ થવો જોઈએ અધિક નહિ એવો અભિપ્રાય આલોચના પ્રદાન વિધિકારે જણાવ્યો છે. આમ તે પ્રમાણે સ્વાધ્યાયનું પ્રમાણ વધારેમાં વધારે ૩ લાખ ૬૦ હજારનું કરવું જોઈએ અધિક નહિ. હવે પૂર્વ સૂચિત વર્ષત્રિકો પૈકી કયા ત્રીકમાં કેટલા ઉપવાસ શોધિ પેટે આપવા તે નીચેના વિવરણથી સમજશો.

પ્રથમ ત્રીકમાં એક એક ઉપવાસની વૃદ્ધિ કરવી. બીજા ત્રીકમાં ચાર ચારની, ત્રીજામાં પાંચ પાંચની, ચોથામાં છ છની, પાંચમામાં સાત સાતની, છઠ્ઠામાં આઠ આઠની, સાતમામાં નવનવની, આઠમાં અને નવમાં એમ બે ત્રીકોમાં દશ દશ ઉપવાસની વૃદ્ધિ કરીને ભવાલોચનાનો તપ આપવો ઉદાહરણ

તરીકે પાંચ વર્ષનો કોઈ બાળ આલોચના ગ્રહણ કરે તો પ્રથમ ત્રીકના પણ ઉપવાસ, બીજા ચોથા બે વર્ષોના ચાર ચાર મળી કુલ અગિયાર ઉપવાસ શુધ્ધિ માટે આપવાં. હવે દશમા વર્ષની ઉંમરે કોઈ આલોચના લીયે તો પહેલાં ત્રણ ત્રિકના બાર, ત્રીજા ત્રીકના પંદર ચોથા ત્રીકના અને વર્ષના છ મળી કુલ છત્રીશ ઉપવાસ આપવા. આમ વધારતી કુલ સત્તાવીશ વર્ષની ઉંમરે આલોચના લેનારને ૧૮૦ ઉપવાસ આપવા આ ભાવને જણાવનારી ગાથાઓ વૃધ્ધ આલોચના વિધિમાં નીચે દ્રષ્ટિગોચર થાય છે.

जि बारसपन्नर स्थारस इगवडु सगवीसरवयण वरिसाणं
सिक्किसुकीमी अड खिवइस पइसारित छ मासं ना ॥१॥
अड सायणाओं किज्जइ, पइसारिकं पंचखुरस बुद्धिह।
जापरिज रगए पुत्ति तथा वि बारिस्सिको होइ ॥

ગાથાથી ૩-૧૨-૧૫-૧૮-૨૧-૨૪-૨૭ ઉપવાસ અનુક્રમે ૧-૨-૩ ૪-૫-૬-૭ મા ત્રીકમાં આપવા પછી ૧૮૦ ઉપવાસ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિવર્ષે દશ દશ ઉપવાસ વધારવા, ત્યારબાદ પ્રતિવર્ષે પાંચ પાંચ ઉપરની વૃદ્ધિપૂર્વક સ્વાધ્યાય આપવો જેથી ૧૦૦ વર્ષે વાષિકત્વ અર્થાત્ ૩૬૦ સુગમતા ખાતર આ સંબંધ કોષ્ટક આપવામાં આવ્યું છે જેથી ૧ થી ૧૦૦ વર્ષ સુધીનું પ્રાયશ્ચિત્ત જાણી શકાશે.

# ભવાલોચના કોષ્ટક

| વર્ષ | ઉપવાસ | સ્વાધ્યાય | વર્ષ | ઉપ. | સ્વાધ્યાય | વર્ષ | ઉપ. | સ્વાધ્યાય | વર્ષ | ઉપ. | સ્વાધ્યાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | | ૧૯ | ૧૦૨ | | ૩૭ | ૧૮૦ | ૫૦ ક્રોડ | ૫૫ | ૧૮૦ | ૧૪૦ ક્રોડ |
| ૨ | ૨ | | ૨૦ | ૧૧૧ | | ૩૮ | " | ૫૫ " | ૫૬ | " | ૧૪૫ " |
| ૩ | ૩ | | ૨૧ | ૧૨૦ | | ૩૯ | " | ૬૦ " | ૫૭ | " | ૧૫૦ " |
| ૪ | ૭ | | ૨૨ | ૧૩૦ | | ૪૦ | " | ૬૫ " | ૫૮ | " | ૧૫૫ " |
| ૫ | ૧૧ | | ૨૩ | ૧૪૦ | | ૪૧ | " | ૭૦ " | ૫૯ | " | ૧૬૦ " |
| ૬ | ૧૫ | | ૨૪ | ૧૫૦ | | ૪૨ | " | ૭૫ " | ૬૦ | " | ૧૬૫ " |
| ૭ | ૨૦ | | ૨૫ | ૧૬૦ | | ૪૩ | " | ૮૦ " | ૬૧ | " | ૧૭૦ " |
| ૮ | ૨૫ | | ૨૬ | ૧૭૦ | | ૪૪ | " | ૮૫ " | ૬૨ | " | ૧૭૫ " |
| ૯ | ૩૦ | | ૨૭ | ૧૮૦ | | ૪૫ | " | ૯૦ " | ૬૩ | " | ૧૮૦ " |
| ૧૦ | ૩૬ | | ૨૮ | ૧૮૦ | | ૪૬ | " | ૯૫ " | ૬૪ | " | ૧૮૫ " |
| ૧૧ | ૪૨ | | ૨૯ | " | | ૪૭ | " | ૧ અબજ | ૬૫ | " | ૧૯૦ " |
| ૧૨ | ૪૮ | | ૩૦ | " | | ૪૮ | " | ૧૦૫ ક્રોડ | ૬૬ | " | ૧૯૫ " |
| ૧૩ | ૫૫ | | ૩૧ | " | | ૪૯ | " | ૧૧૦ " | ૬૭ | " | ૨ અબજ |
| ૧૪ | ૬૨ | | ૩૨ | " | | ૫૦ | " | ૧૧૫ " | ૬૮ | " | ૨૦૫ ક્રોડ |
| ૧૫ | ૬૯ | | ૩૩ | " | | ૫૧ | " | ૧૨૦ " | ૬૯ | " | ૨૧૦ " |
| ૧૬ | ૭૭ | | ૩૪ | " | | ૫૨ | " | ૧૨૫ " | ૭૦ | " | ૨૧૫ " |
| ૧૭ | ૮૫ | | ૩૫ | " | | ૫૩ | " | ૧૩૦ " | ૭૧ | " | ૨૨૦ " |
| ૧૮ | ૯૩ | | ૩૬ | " | | ૫૪ | " | ૧૩૫ " | ૭૨ | " | ૨૨૫ " |

| વર્ષ | ઉપ. | સ્વાધ્યાય | વર્ષ | ઉપ | સ્વાધ્યાય | વર્ષ | ઉપ. | સ્વાધ્યાય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩ | ૯૦ | 230 હજાર | ૮૩ | ૯૦ | 280 હજાર | ૯૩ | ૯૦ | 330 હજાર |
| ૭૪ | " | 235 " | ૮૪ | " | 285 " | ૯૪ | " | 335 " |
| ૭૫ | " | 240 " | ૮૫ | " | 290 " | ૯૫ | " | 340 " |
| ૭૬ | " | 245 " | ૮૬ | " | 295 " | ૯૬ | " | 345 " |
| ૭૭ | " | 250 " | ૮૭ | " | 3 લાખ | ૯૭ | " | 350 " |
| ૭૮ | " | 255 " | ૮૮ | " | 305 હજાર | ૯૮ | " | 355 " |
| ૭૯ | " | 260 " | ૮૯ | " | 310 " | ૯૯ | " | 360 " |
| ૮૦ | " | 265 " | ૯૦ | " | 315 " | ૧૦૦ | " | 365 " |
| ૮૧ | " | 270 " | ૯૧ | " | 320 " | | | |
| ૮૨ | " | 275 " | ૯૨ | " | 325 " | | | |

# દ્વિતીયાલોચન તથા તૃતીયાલોચના

બાલ દ્વિતીયા આલોચના બાલ પ્રથમાલોચના પછી કેટલા વર્ષે દ્વિતીયા લોચના લેવાથી બાળને કેટલા ઉપવાસ આવે તે બતાવીએ. પાંચ વર્ષની ઉંમરે પ્રથમ આલોચના લેનાર બાળ છે. ૭-૮-૯ વર્ષોપૈકી ગમે તે વર્ષમાં દ્વિતીયા આલોચના લે તો ૨૫ ઉપવાસ આપવા. ૧૩-૧૪ કે ૧૫ મા વર્ષે દ્વિતીયા આલોચના લેનાર બાળને ૪૦ ઉપવાસ આપવા ૧૬-૧૭ કે ૧૮ વર્ષે દ્વિતીયા લોચના લેનાર બાળને ૪૫ ઉપવાસ આપવા ૧૯ મે વર્ષે દ્વિતીયા લોચના લેનાર બાળને ૬૦ ઉપવાસ આપવાં

બાલતૃતીયા આલોચના :-

૧૯ વર્ષની અંદરના બાળને તૃતીયા લોચના આપવી હોય તો નીચે મુજબ આપવી. આ લોચના બે અવસ્થાની રીતે દ્વિતીયાલોચનમાં બીજા વર્ષે ૩૦ ઉપવાસ, ત્રીજા વર્ષે ૩૫, ચોથા વર્ષે ૪૦ આમ ૧૯ વર્ષ સુધીમાં ૧૨ વર્ષે પાંચ પાંચની વૃદ્ધિ કરી જેટલા ઉપવાસ થાય તેટલા

આપવા. આલોચક મધ્યમારંભી કૃષિ ના પ્રથમ વર્ષમાં ૩૩ ઉપવાસ આપવા અને તે પછી ૧૦ વર્ષ સુધી સાત સાતની વૃદ્ધિ કરી તેટલા ઉપવાસ દેવા. આલોચક ઉત્કૃષ્ટારંભી કૃષિ ના પ્રથમ વર્ષે ૩૬. તે પછી ૬૨ વર્ષ ૧૧-૧૧ ની વૃદ્ધિએ જે સંખ્યા થાય તેટલા ઉપવાસ આપવા.

૩ વૃદ્ધ દ્વિતીયાલોચના - દ્વિતીયાલોચક ~~વૃદ્ધ~~ વૃદ્ધ એ અલ્પારંભી કૃષિ ના પહેલાં એક વર્ષના ૬૦ ઉપવાસ અને તે પછી ૬૨ વર્ષ ૧૦-૧૦ ઉપવાસની વૃદ્ધિ કરવી. દ્વિતીયાલોચક એ મધ્યારંભી કૃષિ ના પ્રથમ વર્ષના ૬૬, દ્વિતીયાલોચક એ ઉત્કૃષ્ટારંભી કૃષિ ના ૭૨ ઉપવાસ આપવાં અને તે પછી પ્રતિવર્ષે ૧૭ અને ૨૨ ઉપવાસની અનુક્રમે વૃદ્ધિ કરવી. વધારેમાં વધારે ૯૦૦ ઉપવાસ થાય ત્યાં સુધી તપ વધારવો અને તે પછી પ્રતિવર્ષે પાંચ હજારના હિસાબે સ્વાધ્યાય આપવો તપ ૧૦૦ ઉપવાસ. સ્વાધ્યાય તેર લાખ ૬૪ હજારથી અધિક ન આપવો એ સ્પષ્ટોક્તિ ઘડીપણ

સમજી લેવું

बाल द्वितीय आलोचना, बाल तृतीया आलोचना अने वृध्ध द्वितीयालोचनानी
સ્પષ્ટતા માટે સાથેનું કોષ્ટક જુઓ.

વૃદ્ધ દ્વિતીયાલોચનાના કોષ્ટક સમજાશે કે જે આલોચક

અલ્પારંભી હશે તો ૧૩મે વર્ષે દ્વિતીયાલોચનાની ઉપવાસની સંખ્યા ૧૮૦ થશે. મધ્યારંભીની ૧૦મા વર્ષે અને ઉત્કૃષ્ટારંભીની છઠ્ઠા વર્ષે પૂર્ણ થશે અને તે પછી પ્રતિવર્ષ પાંચ હજારના હિસાબે સ્વાધ્યાય આપવો પડશે. અલ્પારંભી, મધ્યમારંભી અને ઉત્કૃષ્ટારંભીના અનુક્રમે ૧૪મા ૧૦મા અને ૭ વર્ષના કોષ્ટકોમાં સ્થિત સ્વાધ્યાયની સંખ્યા લખી છે. પણ તેની સાથે ૧૮૦ ઉપવાસ આપવાના છે તે સમજવાનું છે.

## બાલ દ્વિતીયા વાચના

| વર્ષ | ઉપવાસ |
|---|---|
| ૬ | ૧૫ |
| ૭ | ૧૫ |
| ૮ | ૧૫ |
| ૯ | ૧૫ |
| ૧૦ | ૩૦ |
| ૧૧ | ૩૦ |
| ૧૨ | ૩૦ |
| ૧૩ | ૪૦ |
| ૧૪ | ૪૦ |
| ૧૫ | ૪૦ |
| ૧૬ | ૪૫ |
| ૧૭ | ૪૫ |
| ૧૮ | ૪૫ |
| ૧૯ | ૬૦ |

## બાલ તૃતીયા વાચના

| વર્ષ | પ્રારંભના ઉપ. | મધ્યમ સ્તરના ઉપ. | ઉત્કૃષ્ટ સ્તરના ઉપ. |
|---|---|---|---|
| ૭ | ૩૦ | ૩૩ | ૩૬ |
| ૮ | ૩૫ | ૪૦ | ૪૭ |
| ૯ | ૪૦ | ૪૭ | ૫૮ |
| ૧૦ | ૪૫ | ૫૪ | ૬૯ |
| ૧૧ | ૫૦ | ૬૧ | ૮૦ |
| ૧૨ | ૫૫ | ૬૮ | ૯૧ |
| ૧૩ | ૬૦ | ૭૫ | ૧૦૨ |
| ૧૪ | ૬૫ | ૮૨ | ૧૧૩ |
| ૧૫ | ૭૦ | ૮૯ | ૧૨૪ |
| ૧૬ | ૭૫ | ૯૬ | ૧૩૫ |
| ૧૭ | ૮૦ | ૧૦૩ | ૧૪૬ |
| ૧૮ | ૮૫ | ૧૧૦ | ૧૫૭ |
| ૧૯ | ૯૦ | ૧૧૭ | ૧૬૮ |

## વૃદ્ધ દ્વિતીયા વાચના

| વર્ષ | પ્રારંભના ઉપ. | મધ્યમ સ્તરના ઉપ. | ઉત્કૃષ્ટ સ્તરના ઉપ. |
|---|---|---|---|
| ૨૦ | ૬૦ | ૬૬ | ૭૨ |
| ૨૧ | ૭૦ | ૮૦ | ૯૪ |
| ૨૨ | ૮૦ | ૯૪ | ૧૧૬ |
| ૨૩ | ૯૦ | ૧૦૮ | ૧૩૮ |
| ૨૪ | ૧૦૦ | ૧૨૨ | ૧૬૦ |
| ૨૫ | ૧૧૦ | ૧૩૬ | ૧૮૦ |
| ૨૬ | ૧૨૦ | ૧૫૦ | આયંબિલ ૫ ૩ઉપ |
| ૨૭ | ૧૩૦ | ૧૬૪ | ૧૦ " |
| ૨૮ | ૧૪૦ | ૧૭૮ | ૧૫ " |
| ૨૯ | ૧૫૦ | ૧૯૦ | ૨૦ " |
| ૩૦ | ૧૬૦ | આયંબિલ ૫ ૩ઉપ | ૨૫ " |
| ૩૧ | ૧૭૦ | ૧૦ " | ૩૦ " |
| ૩૨ | ૧૮૦ | ૧૫ " | ૩૫ " |
| ૩૩ | ૫ આયંબિલ | ૨૦ " | ૪૦ " |
| ૩૪ | ૧૦ ૬ઉપ | ૨૫ " | ૪૫ " |
| ૩૫ | ૧૫ " | ૩૦ " | ૫૦ " |
| ૩૬ | ૨૦ " | ૩૫ " | ૫૫ " |

| વર્ષ | અલ્પારંભી સ્વાધ્યાય | મધ્યમારંભી સ્વાધ્યાય | ઉત્કૃષ્ટારંભી સ્વાધ્યાય | વર્ષ | અલ્પારંભી સ્વાધ્યાય | મધ્યમારંભી સ્વાધ્યાય | ઉત્કૃષ્ટારંભી સ્વાધ્યાય |
|---|---|---|---|---|---|---|---|
| ૩૭ | ૨૫ દિવસ | ૪૦ દિવસ | ૬૦ દિવસ | ૫૫ | ૧૧૫ દિવસ | ૧૩૦ દિવસ | ૧૫૦ દિવસ |
| ૩૮ | ૩૦ 〃 | ૪૫ 〃 | ૬૫ 〃 | ૫૬ | ૧૨૦ 〃 | ૧૩૫ 〃 | ૧૫૫ 〃 |
| ૩૯ | ૩૫ 〃 | ૫૦ 〃 | ૭૦ 〃 | ૫૭ | ૧૨૫ 〃 | ૧૪૦ 〃 | ૧૬૦ 〃 |
| ૪૦ | ૪૦ 〃 | ૫૫ 〃 | ૭૫ 〃 | ૫૮ | ૧૩૦ 〃 | ૧૪૫ 〃 | ૧૬૫ 〃 |
| ૪૧ | ૪૫ 〃 | ૬૦ 〃 | ૮૦ 〃 | ૫૯ | ૧૩૫ 〃 | ૧૫૦ 〃 | ૧૭૦ 〃 |
| ૪૨ | ૫૦ 〃 | ૬૫ 〃 | ૮૫ 〃 | ૬૦ | ૧૪૦ 〃 | ૧૫૫ 〃 | ૧૭૫ 〃 |
| ૪૩ | ૫૫ 〃 | ૭૦ 〃 | ૯૦ 〃 | ૬૧ | ૧૪૫ 〃 | ૧૬૦ 〃 | ૧૮૦ 〃 |
| ૪૪ | ૬૦ 〃 | ૭૫ 〃 | ૯૫ 〃 | ૬૨ | ૧૫૦ 〃 | ૧૬૫ 〃 | ૧૮૫ 〃 |
| ૪૫ | ૬૫ 〃 | ૮૦ 〃 | ૧૦૦ 〃 | ૬૩ | ૧૫૫ 〃 | ૧૭૦ 〃 | ૧૯૦ 〃 |
| ૪૬ | ૭૦ 〃 | ૮૫ 〃 | ૧૦૫ 〃 | ૬૪ | ૧૬૦ 〃 | ૧૭૫ 〃 | ૧૯૫ 〃 |
| ૪૭ | ૭૫ 〃 | ૯૦ 〃 | ૧૧૦ 〃 | ૬૫ | ૧૬૫ 〃 | ૧૮૦ 〃 | ૨૦૦ 〃 |
| ૪૮ | ૮૦ 〃 | ૯૫ 〃 | ૧૧૫ 〃 | ૬૬ | ૧૭૦ 〃 | ૧૮૫ 〃 | ૨૦૫ 〃 |
| ૪૯ | ૮૫ 〃 | ૧૦૦ 〃 | ૧૨૦ 〃 | ૬૭ | ૧૭૫ 〃 | ૧૯૦ 〃 | ૨૧૦ 〃 |
| ૫૦ | ૯૦ 〃 | ૧૦૫ 〃 | ૧૨૫ 〃 | ૬૮ | ૧૮૦ 〃 | ૧૯૫ 〃 | ૨૧૫ 〃 |
| ૫૧ | ૯૫ 〃 | ૧૧૦ 〃 | ૧૩૦ 〃 | ૬૯ | ૧૮૫ 〃 | ૨૦૦ 〃 | ૨૨૦ 〃 |
| ૫૨ | ૧૦૦ 〃 | ૧૧૫ 〃 | ૧૩૫ 〃 | ૭૦ | ૧૯૦ 〃 | ૨૦૫ 〃 | ૨૨૫ 〃 |
| ૫૩ | ૧૦૫ 〃 | ૧૨૦ 〃 | ૧૪૦ 〃 | ૭૧ | ૧૯૫ 〃 | ૨૧૦ 〃 | ૨૩૦ 〃 |
| ૫૪ | ૧૧૦ 〃 | ૧૨૫ 〃 | ૧૪૫ 〃 | ૭૨ | | | |

## વાર્ષિક આલોચના

વાર્ષિક આલોચના અથવા દ્વિતીયાલોચના લીધા પછી લેવાય છે અને તે વૃધ્ધાશ્રીન હોય છે. વાર્ષિક આલોચના પૂર્વાલોચના બાદ એક મહિના પછીથી દર મહિને લઈ શકાય અને વર્ષને અંતે પણ લઈ શકાય. જો દર મહિને લે તો પહેલાથી ચોથા મહિના સુધી દર મહિને સાત સાત ઉપવાસ આપવા ને પછીના આઠમા મહિનાઓમાં પ્રતિમાસ બાર બાર ઉપવાસ આપવા આમ પ્રતિમાસ આલોચના લે તો અલ્પારંભીને પ્રથમ વર્ષમાં ૬૦ ઉપવાસ આવે અને વર્ષને અંતે લે તો પણ ૬૦ ઉપવાસ આવે. આલોચના વિશેષારંભી હોય તો તેને વાર્ષિક આલોચના ૭૦ ઉપવાસ આપવા અલ્પારંભી વિશેષારંભી બે વર્ષ વાર્ષિક પ્રાયશ્ચિત લે તો અનુક્રમે ૮૦ અને ૧૦૦ ઉપવાસ આપવા અને તેઓ ત્રણ વર્ષ લે તો અનુક્રમે ૧૦૦ અને ૧૩૦ ઉપવાસ અને ચાર વર્ષે લેખી આલોચના લે તો

અનુક્રમે ૧૨૦ અને ૧૮૦ ઉપવાસ આપવા આવી રીતે વાર્ષિક આલોચક કાચાપોચા એકત્ર આલોચના લે તો પ્રથમ વર્ષના ૬૦-૭૦ ને પછી દર વર્ષે તેમાં ૨૦-૩૦ વધારીને ૧૮૦ સુધી ઉપવાસ આપવા પણ ૧૮૦થી અધિક નહિ આપવા જો આલોચક અત્યંતારંભી અને નિ:શંક વર્ત્યો હોય તો સામર્થ્ય હોઈ પાંચ વર્ષમાં ૧૦૦ ઉપવાસ પણ આપી શકાય અને જો આલોચક અસમર્થ હોય તો જે તપ આપેલું હોય તેમાં પણ દયાકારિકતાની કરવી એટલે ૧૦-૨૦ ઉપવાસ ઓછા કર્યા.

# अपराध आलोचना

१ ज्ञानाचार आलोचना

| | |
|---|---|
| અકાલાદિપઠન | ઉપવાસ |
| અકાલપાઠાદિકે અષ્ટવિધે જ્ઞાનાચારે | |
| જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટે | પુ.પુ. આં(બી) |
| અકાલવિનયાદિષુ અષ્ટપ્વેષુ એકેન | |
| અષ્ટવિધ જ્ઞાનાશાતનાયાં દેશત: | પુ |
| 〃 〃 સર્વત: | ઉપ. |
| જઘન્ય સૂત્ર અશાતનાયાં | પુરિ |
| મધ્યમ સૂત્ર 〃 | એકા. |
| ઉત્કૃષ્ટ સૂત્ર 〃 | આંબિલ |
| જઘન્ય અર્થ 〃 | નિ. |
| મધ્યમ 〃 〃 | આંબ. |
| ઉત્કૃષ્ટ 〃 〃 | ઉપવાસ |
| મર્વાનરેણ જઘન્ય અર્થ અશાતનાયાં | પુ. |
| 〃 મધ્યમ 〃 〃 | નિ. |
| 〃 ઉત્કૃષ્ટ 〃 〃 | આંબ. |
| ગાઢ અશાતનાયાં | નિ. |
| 〃 સૂત્ર 〃 | આં |
| 〃 અર્થ 〃 | પુ. ઉપ. |

| | |
|---|---|
| પુસ્તક-પટ્ટ-પટ્ટિકા-સંપુટિકા-સાપડા દીનાંપાતને | પુ. |
| 〃 દુર્ગંધિત સ્થાનમાં ગ્રહણે | પુ. (ન) |
| 〃 વિનાશે નવીન કારયણું | |
| 〃 પાદલગ્ને | 〃 |
| 〃 નિષ્ઠુત લગ્ને | 〃 |
| સ્થાપના આશાતને | નિવી. |
| સાપડા પડી ભય | પુરિ. |
| જ્ઞાન સમીપમાં છતાં આહારનિહાર કર્યે | પુ. એ |
| જ્ઞાન દ્રવ્ય ભોગે દ તાવદ્દેવં | |
| જ્ઞાન નિંદા | ઉપ. |
| 〃 જ્ઞાનની નિંદા પ્રત્યનિક-દ્વેષાદિકર્યે | એકા. |
| જ્ઞાનાંતરાદિકે | પુરિ. |
| સિદ્ધાંત ભણતા અંતરાય કર્યે | પુરિ. |
| પઠન વ્યાખ્યાન અંતરાય કરણે | એકા. |
| નવકારવલી નાશને | આં |

२ દર્શનાચાર આલોચના :-

દર્શનાચારાતિચાર અષ્ટકે દેશત: આં, સર્વત:ઉ

## आपत्ति स्थानानि

આપત્તિ એટલે દોષપ્રસંગ તેના સ્થાનો દશ પ્રકારના પ્રાયશ્ચિતમાં કયાં કયાં છે. તે અહીં જીતકલ્પના આધારે લખાયા છે.

૧ આલોચના પ્રાયશ્ચિતના આપત્તિસ્થાનો :- પ્રત્યુપેક્ષણાદિ ક્રિયારૂપ તથા શ્રુતવિહિત સંયમ હેતુભૂત દૈવસિક અને રાત્રિક અનુષ્ઠાનો રૂપ જે કરણીય યોગો તેમાં ઉપયુક્ત-નિરતિચાર (અદુષ્ટભાવયુક્ત) છદ્મસ્થ - યથાખ્યાતની (શ્રુતજ્ઞાનના આધારે અશઠ ક્રિયાનુષ્ઠાન કરવામાં તત્પર) એવા સાધુને પ્રથમ આલોચના પ્રાયશ્ચિત કહેલું છે.

પ્રશ્ન- નિરતિચાર સાધુને કરણીય યોગો કરે તેમાં પ્રાયશ્ચિત શાનું ?

ઉત્તર- પ્રમાદજન્ય સૂક્ષ્મ અક્રિયા કે જે અજ્ઞાત હોય છે. તેની શુદ્ધિ માટે નિરતિચારીને પણ આલોચના પ્રાયશ્ચિત હોય છે. ઉપયુક્ત ગુણવાળા સાધુ ગુરુ સંદિષ્ટ અથવા ગુરુ અસંદિષ્ટ કાર્યકર્તવ્યતાએ અથવા કાર્ય સમાપ્તિ સમયે આલોચના કરે.

કલ્પનીય યોગાનાં નામો - અશનાદિક ચાર આહાર ગ્રહણ માટે શય્યા સંથારક, પાદપ્રોંછન - વસ્ત્ર પાત્રાદિકના ગ્રહણ માટે, આચાર્ય - ગ્લાન - બાલ - વૃદ્ધ શૈક્ષતપસ્વી, અસહિષ્ણુ પ્રાયોગ્ય ઔષધાદિ ગ્રહણ માટે, અપૂર્વ બહુશ્રુત સંવિગ્ન સાધુને વંદન કરવા માટે અથવા તેમની પાસે સંશય છેદવા માટે તથા શ્રાવક સ્વજન વર્ગ - અવસન્ન વિહારી આદિને શ્રદ્ધામાં સ્થિર કરવા માટે પીઠફલક આદિ પાછા આપવા માટે, કુલ - ગણ - સંઘ અને ચૈત્યના ઉપદ્રવ નિવારણ કરવા માટે ભિક્ષા - પ્રતિલેખન - સ્થંડિલ - અન્વેષણ, શૈક્ષનિષ્ક્રમણ આચાર્ય સંલેખનાદિ માટે અનશનયુક્ત દ્વારા શરીરના ત્યાગ) સૌ કોઈની બહાર જે કંઈ નવું કાંઈ તે સર્વ કલ્પનીય યોગો અથવા પૂર્વોક્ત કલ્પનીય યોગો જો ગુરુ કે આચાર્ય આગમ પ્રકાશિત કરવામાં ન આવે તો તે આત્મા અશુદ્ધ ગણાય છે. સૌ કોઈની

અંદર આચરેલું કરેલું પ્રતિક્રમણાદિ ગુરુ આગળ પ્રગટ કરાય છે. અને

કરેલું ખેલ, સિંઘાણ (નાસિકાનો મેલ) જલ્લ શરીરનો મેલ

નિવેશન - ઉત્થાન - બગાસું આકુંચન, પ્રસારણ તથા શ્વાસોશ્વાસની ચેષ્ટા

વગેરે પ્રાયશ્ચિત્ત કરાતા નથી

પ્રશ્ન - અતિચાર લાગે તો તેની શુદ્ધિ માટે આલોચના કરે પણ

નિરતિચારીને આલોચના શાથી ?

ઉત્તર - છદ્મસ્થ સાધુને સૂક્ષ્મ અતિચારો સદા યાદ રહેશે જ તેમ

બનતું નથી વળી અનાભોગ-સહસાકાર આદિના કારણોથી ઘણા ઘણા

અતિચારો લાગવાની પુરતી સંભાવના પણ છે. માટે આલોચના અવશ્ય

લેવી જોઈએ

આલોચનાના બે પ્રકાર છે. એક ઓઘથી, એક વિભાગથી,

તેમાં અશિવ - દુકાળાદિ કારણે ગુર્વાદિકની આજ્ઞા લઈને નીકળેલો

સાધુ જો પખવાડીયાની અંદર પાછો આવ્યો હોય અને જો તે ભોજન
મંડલીના સમય પહેલાં આવ્યો હોય તો આવીને તરત ઈરિયાવહી
પડિક્કમી अप्पामूलगुणि खुणियगुणा अप्प उत्तरगुणेसु आपापास त्था
स्सुवाण गुरुण तिपडिआगंडि। મૂલગુણ કે ઉત્તરગુણોમાં કંઈ પણ વિરાધના
થઈ ન હોય પાસત્થાદિ સાથે આલાપ-લેવાનો પ્રસંગ તથા તેમનો
સંપર્ક કર્યો નથી. આ સ્થિતિથી આદિ આલોચના ગ્રહણ કરી.
હોય જે સાધુ પખવાડીયાની અંદર આવ્યા છતાં ભોજન
માંડલી બાદ આવ્યો હોય તથા જે સાધુ પખવાડીયા પછી આવ્યો
હોય, તે પછી ભોજનમંડલી પહેલાં કે પછી આવ્યો હોય.
ગમે ત્યારે આવ્યો હોય તેને વિભાગ આલોચના - પ્રકાર નામ ગ્રહણપૂર્વક
સમ્પૂર્ણ પોતાના અતિચાર નિવેદનરૂપ આલોચના કરવી જોઈએ.
એજ રીતે શ્રુતાદિ પાંચ પ્રકારની ઉપસંપદામાંથી કોઈ એક પણ

ઉપસંપદા પ્રમાણ બીજાને ગ્રહણ કરવામાં આવે ત્યારે પણ વિભાગ આલોચના લેવી જોઈએ.

વિહાર આલોચના: એક દિવસે પખવાડીયે કે છેવટે વર્ષે જ્યારે સાંભોગિકો. સ્પર્ધકપતિઓ (ગણના અવાન્તર વિભાગના નાયક) બધા ગીતાર્થ આચાર્યો જાતે. ભેગા થાય ત્યારે નિરતિચારી હોય તો પણ અન્યોઅન્ય પોતપોતાના વિહારપ્રદેશમાં અનુષ્ઠિત અતિચારાદિના પ્રકાશરૂપ આલોચના આપે તે વિહાર આલોચના કહેવાય.

૨ પ્રતિક્રમણ પ્રાયશ્ચિતના આપત્તિસ્થાનો:- પાંચ સમિતિઓ ત્રણ ગુપ્તિમાં પ્રમાદજન્ય સામાન્ય સ્ખલના ગુરુની આશાતના અભ્યુત્થાનાદિ વિનય ગુરુનો ન કર્યો હોય, ઈચ્છા. મિચ્છાદિક દશવિધ ચક્રવાલ સામાચારીનું અપાલન, વધુ જઘન્ય મૃષા. અદત્ત અને મૂર્છાનું કરવું. અવિધિએ

મુખવસ્ત્ર કે હાથ રાખ્યા સીવાય ખાંસવું, બગાસું, છીંક, ઓડકાર તથા અયાચિતનું થવું છેદન-ભેદન-ઘર્ષણ-પીડન- અભિઘાત, સિંચન -કાય પ્રચારાદિ અનેક પ્રકારના અસંક્લિષ્ટ કર્મોનું કરવું. વાચિક અને કાયિક કંદર્પનું કરવું. તથા હાસ્ય વિકથા અને કષાયનું કરવું. ઉપર જણાવેલ સર્વ અતિચારોમાં સહસાકારે-વિચાર શૂન્યતાથી તથા અનાભોગથી અત્યંત વિસ્મૃતિથી સ્ખલના થઈ જાય અને તેમાં કોઈપણ જાતની હિંસા ન થઈ હોય તથા યતનાપૂર્વક વર્તવામાં આવ્યું હોય તો પ્રતિક્રમણ પ્રાયશ્ચિત સમજવું જોઈએ. તથા આનાભોગ વડે પરિસ્ફુટ બુદ્ધિ વડે સ્તોક-અલ્પ સ્નેહ એટલે માતા-પિતા સ્વજન તથા બહુલ શ્રાવકાદિ ઉપર, સાતપ્રકારનો ભય શોક આતુરત્વ-દુઃખાસક્તિ પાર્શ્વસ્થાદિપણું કંદર્પ હાસ્ય અને વિકથા કરવામાં તથા કષાયના અનુબંધ માં પણ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત જાણવું.

પ્રશ્ન :- કન્દર્પ હાસ્ય વિકથા અને કષાયાનુબંધ અત્ર જે વખત કેમ કહેવાયા ?

ઉત્તર :- કન્દર્પાદિક જે વખત કહેવાનું કારણ એ છે કે એક અતિચારોનું સેવન સહસાત્કાર અને અનાભોગથી ઉત્કૃષ્ટરીતે થાય તો પણ અને અતિચારોનું સેવન અનાભોગથી થાય તો પણ પરિસ્ફુટ બુદ્ધિથી જઘન્યથી કરવામાં આવે તો પણ પ્રતિક્રમણ નામનું બીજું પ્રાયશ્ચિત છે એમ સમજવા માટે છે.

તદુભય પ્રાયશ્ચિતના આપત્તિસ્થાનો :- સંભ્રમ-હસ્તિ-અગ્નિ આદિ જનિત, ભયચોરાદિજન્ય, આતુરતા, ક્ષુધા, તૃષ્ણાદિ જન્ય આપત્તિ દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ લઈ ચાર પ્રકારની દ્રવ્યથી દ્રવ્યની દુર્લભતા ક્ષેત્રથી માર્ગના ગામોની ઉજ્જડતા થઈ જવાથી, કાળથી દુષ્કાળના કારણે અને ભાવથી ગુરુગ્લાનાદિ કારણે સહસાત્કાર-વિચાર

શૂન્યતા, અનાભોગ અત્યંત વિસ્મૃતિ, અનાત્મવશતા ઇત્યાદિ
આદિ સંકટમાં વગેરે કાયગોથી સર્વવર્તામાં લાગેલા અતિચારોની
શુદ્ધિ તદુભય પ્રાયશ્ચિતથી થાય છે.

૪ વિવેક પ્રાયશ્ચિતના આપત્તિસ્થાનો :- કાલાતિક્રાન્ત ત્રણ પ્રહર પહેલાં
ગ્રહણ કરેલ, માર્ગાતિક્રાન્ત - અર્ધકોસ ઉપર લઈ ગયેલ કે લાવેલ, સૂર્યોદય
પહેલાં કે સૂર્યાસ્ત પછી ગ્રહણ કરેલ, કારણવશ ગ્રહણ કરેલમાંથી ઉગરેલ
બાકી રહેલ ભાત-પાણીને પરઠવવાં આદિને શુદ્ધ ગણવો.

૫. વ્યુત્સર્ગાઈ પ્રાયશ્ચિતના આપત્તિસ્થાનો :- ઉપાશ્રયથી સો હાથ ઉપરાંત
જઈને અગર બહારથી ૧૦૦ હાથ ઉપરાંતથી આવીને સ્વાધ્યાય નિમિત્તે
સ્થાનાન્તરમાં જઈને કાયોત્સર્ગ કરવો જોઈએ. શ્રુતના ઉદ્દેશ-સમુદ્દેશ
અનુજ્ઞામાં સ્વાધ્યાય અને કાલના પ્રતિક્રમણમાં તથા શ્રુત
સ્કંધમાં, અંગના પરિવર્તન આદિમાં કાયોત્સર્ગ કરવો. સાવદ્ય

અનિષ્ટ સ્વપ્ન જોઈને અને નાવથી નદી ઉતરીને કાયોત્સર્ગ પ્રાયશ્ચિત કરવું. ભાત પાણી શયન આસન ઈર્યાવહી ઉપાશ્રયે ૧૦૦ હાથ ઉપરાંત જઈને ૨૫ શ્વાસોશ્વાસ અર્થાત એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યો. ૧ સ્થાનથી ૧૦૦ હાથ ઉપરાંત જઈને, આવીને ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ, કાઉસ્સગ્ગ કર્યો. ૨ જીવહિંસાનું સ્વપ્ન આવતાં ૧૦૦ શ્વાસોશ્વાસ, ચતુર્થભંગ વિષયક સ્વપ્ન આવતાં ૧૦૮ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કર્યો. દૈવસિક-રાત્રિક-પાક્ષિક-ચાતુર્માસિક અને સંવત્સરી પ્રતિક્રમણમાં અનુક્રમે ૧૦૦-૫૦-૩૦૦-૫૦૦-૧૦૦૮ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ હોય છે. ૫ ઉદ્દેશ સમુદ્દેશ અને અનુજ્ઞામાં ૨૭ અને પ્રસ્થાનના સજઝાય પઠવવામાં તથા પ્રતિક્રમણ (કાલ પડિક્કમવામાં આઠ શ્વાસોશ્વાસ અર્થાત અર્ધ નવકારનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૬. તપ પ્રાયશ્ચિતના અપરાધસ્થાનો :- તપાઈ અપરાધમાં આપત્તિસ્થાનો

આગમિત છે. જેમાં અપાતા તપ સાત પ્રકારના છે.

૧. ભિન્નમાસ:- જેનો જીત વ્યવહારમાં વિગયત્યાગ એવો અર્થ થાય છે અને મૂલ્ય સવા વિશ્વા જેટલું થાય છે. એટલે કે ૨૦ બિયાસણાં ૧ ઉપવાસ સોળમા ભાગ જેટલ એક ભિન્ન માસની કિંમત ગણાય.

૨ લઘુમાસનો અર્થ જીતવ્યવહારમાં પુરિમડ્ઢ એવો અર્થ થાય છે. જેનું મૂલ્ય અડધી વિશ્વા અગર બે આના ઉપવાસના આઠમા ભાગ જેટલું એક પુરિમડ્ઢ થાય.

૩ ગુરુમાસનો અર્થ જીત વ્યવહારમાં એકાશન થાય છે. જેની કિંમત પાંચ વિશ્વા થાય છે.

૪ ચતુર્લઘુનો અર્થ આયંબિલ તેની કિંમત દશ વિશ્વા થાય છે.

૫ ચતુર્ગુરુનો અર્થ ઉપવાસ જેનું મૂલ્ય વીશ વસા થાય છે.

૬ ષટ્લઘુનો અર્થ - ષષ્ઠભક્ત - છઠ્ઠ - સળંગ બે ઉપવાસ ભેગા થાય છે.

૭ બૃહદ્ગુરુનો અર્થ અઠ્ઠમભક્ત અર્થાત્ સળંગ ત્રણ ઉપવાસ - અઠ્ઠમ

૧. ભિન્નમાસના આપત્તિસ્થાનો :- અનાગાઢયોગમાં ઉદ્દેશકનો વિધિ કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લગાડે તો ભિન્નમાસ

૨ કાલનું પડિક્કમે, મંડલી, સૂત્ર અર્થ અને ભોજનની ભૂમિ ન પ્રમાર્જે

૩ પોતાના સહાયક બનાવવા માટે અથવા તો આહાર ઉપધિ શય્યા નિમિત્તે પાસત્થા, અવસન્ના, કુશીલીયા, સંસક્ત, યથા છંદા ઉપર મમત્વ કરે તો ભિક્ષુને ભિન્નમાસની આપત્તિ આવે

૪ એકેન્દ્રિયની સંઘટ્ટા કરે તો ભિન્નમાસ.

૬ ઇત્વર સ્થાપિત - હાથમાં લઈ રાખેલ સુકુમાલ્લતિકા દીપયુક્ત સચિત્તગંધ, સરજસ્કમ્રક્ષિત, પૃથ્વી, જલ, વનસ્પતિમિશ્રિત, પૃથિવ્યાદિ મિશ્ર, પરસ્પરમિશ્રિત પ્રત્યેક ભોજી, અનંતરનિક્ષિપ્ત અનંતકાય ભોજી

પરસ્પરનિક્ષિપ્ત એજ પ્રમાણે, સ્થાપિત, મિશ્રપરંપરાહિત, મિશ્ર પરંપરસંહૃત પ્રત્યેક વનસ્પતિ ઉન્મિશ્ર અને વાયુઉન્મિશ્ર આહાર ગ્રહણ કરે તો ભિન્નમાસ.

૭ અતિક્રમાદથી વારંવાર સહસાકાર અને અનાભોગથી અપરાધ કરતાં ભિન્નમાસ.

૮ જઘન્ય ઉપધિની પડિલેહણા ન કરે અગર જઘન્ય ઉપધિને ક્યાંઇક પાડે કે ભૂલે, પાછી મળી જાય તો ભિન્નમાસ. જિનકલ્પીને પાત્રબંધ પડલા - રજસ્ત્રાણ - રજોહરણ, સ્થવિરકલ્પીને પાત્રસ્થાપન - પાત્રકેસરિકા - ગોચ્છક - મુખવસ્ત્રિકા સાધ્વીને સ્થવિર કલ્પી પ્રમાણે જઘન્ય ઉપધિ હોય છે.

૯ મુહપત્તિ છોડીને અવગ્રહની શરીરપ્રમાણ સ્થાન બહાર જવાનાં આવે તો ભિન્નમાસ.

૧૦ આહારની ક્રિયાવિજ્ઞાન અથવા માગણી કરતાં ભિન્નમાસ.

૧૧. ક્ષુલ્લક સાધુ~~ઓ~~ પાક્ષિક તપ ન કરે તો ૧૨ એક કાઉસ્સગ્ગ જુદા કરેના
ગુરૂથી કાઉસ્સગ્ગ પહેલાં પારે, અધુરો પારે અથવા ભાંગે તો દરેક
ભિન્નમાસ એક વાંદણું અપૂર્ણ દે અથવા તો ભાંગે તો ભિન્નમાસ.

૧૪ અશુષિર તૃણ દર્ભાદિ નિષ્કારણ ભોગવે તો ભિન્નમાસ.

લઘુમાસની આપત્તિસ્થાનો :- આગાઢ યોગમાં અધ્યયન સંબંધી કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લગાડે. અનાગાઢ યોગમાં ઉદ્દેશક સંબંધી કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લગાડે, અર્થ વિશેષે તેજ યોગમાં અતિચાર લગાડે, ભિક્ષુદ્દેશથી શંકા, કાંક્ષા, વિચિકિત્સા મૂઢદૃષ્ટિત્વ અનુપબૃંહણા અસ્થિરીકરણ અવાત્સલ્ય અને અપ્રભાવના કરે.

ભિક્ષુ સાધુનું ઉપબૃંહણા સ્થિરીકરણ વાત્સલ્ય પ્રભાવના ન કરે વૃષભ પોતાના સહાયક થાશે એમ ધારીને તથા આહાર ઉપધિ અને

ઉપાશ્રયની પ્રાપ્તિ માટે પાસત્થા, અવસન્ના, કુશીલિયા, સંસત્તા,

યથાછંદા ઉપર મમત્વ કરી શ્રાવક અગર પ્રાતિજ્ઞાનું પાલન કરી,

તેઓની સાથે સહવાસ કરી, સૂત્રાર્થ આપી તેમનું વાત્સલ્ય કરે,

એકેન્દ્રિય જીવને આગાઢ પરિતાપ ઉપજાવે, વિકલેન્દ્રિય અને અનંતકાયને

સંઘટ્ટે, યાવદર્થિકૌદ્દેશિક, ઉદ્દેશસમુદ્દેશિક, ઉદ્દેશાદ્દેશિક, ઉદ્દેશસમાદ્દેશિક,

અધ્યવપૂરક મિશ્ર સ્થાપિત પ્રત્યક્ષ, લોકોત્તર પરાવર્તિત, લોકોત્તર

પ્રામિત્યક, મંજાદિ પરિભાવ ક્રીત, નિષ્પ્રત્યપાય સ્વગ્રામાહૃત, યાવદર્થિક

અવપૂરક, સૂક્ષ્મચિકિત્સા, ગુણસંસ્તવકરણ, પૃથ્વીમિશ્રિત (જળાદિ) ઉત્કૃષ્ટ

પરિતમિશ્રિત, પ્રત્યેક વનસ્પતિના રસઆદિથી ખરડાયેલ, દાયક કુષ્ઠ-બાળ

મૂઢ મદમસ્ત ઉન્માદ કંપ જ્વરના રોગીના હાથે અપાયેલ સચિત્ત પ્રત્યેક

વનસ્પતિકાય ઉપર પરસ્પર સંઘટ્ટન, અને અનંતરસહિત પિંડ ગ્રહણ કરે.

મધ્યમ ઉપધિની પડિલેહણા ન કરે, કયાંઇક પાડી નાખે, ગુમાવી નાખે

પાછી મળી જાય તો (જિનકલ્પીને ગોચ્છક-મુખવસ્ત્રિકા, પાત્રકેસરિકા, પાત્રસ્થાપનક, સ્થવિરકલ્પીને પડલા રજસ્ત્રાણ, પાત્રબંધ ચોલપટ્ટો રજોહરણ અને માત્રક, અવગ્રહાનન્તક, પટ્ટક અર્ધોરુક, ચલણી, કંચુક, ઉત્કક્ષિકા, વૈકક્ષિકા અને કમઢક એ મધ્યમ ઉપધિ કહેવાય.

કાલાતિક્રાન્તાદિ આહાર-પાણી અવિધિએ પરઠવે તો, સાંજના પાણહાર આવીહારનું પચ્ચક્ખાણ ન કરે, સવારે નવકારશી પોરિસીનું પચ્ચક્ખાણ ન કરે અથવા લઈને ભાંગે, દ્રવ્ય વિધિત્ય ધારણા ન કરે અગર ભાંગે તો, સ્થવિર પાક્ષિક તપ તથા ક્ષુલ્લક-ચાતુર્માસિક તપ ન કરે તો, ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિ, કાલભૂમિ આદિ ત્રણ ન પડિલેહે તો, ૨૩૩ના જે કાઉસ્સગ્ગ જુદા પારે તો, પહેલા પારે, ભાંગે કે અધૂરા પારે, જે વાંદણાં પૂરા ન દે, અથવા ભાંગે પ્રતિક્રમણમાં

એક કાઉસગ્ગ ન કરે, એક વાંદણું ન દેતો, અચિત્ત લસણ-કુંગળી વગેરે, વાછરડા, મોર, તિતિર આદીને બાંધે કે છોડે, તૃણપંચક-દુષ્યપંચક દુષ્પ્રતિ લેખ્ય અને મર્યાદાના નિષ્કારણ પરિભોગ કરતો, અનધ્યાગાહિકના મતે પુસ્તકપંચકના પરિભોગમાં પણ લઘુમાસની આપત્તિ આવે છે.

ગુરુમાસના આપત્તિસ્થાનો:- અનાગાઢ યોગમાં શ્રુતસ્કંધ વિષે અને અને આગાઢયોગમાં અધ્યયન વિષે કાલાતિક્રમ આદિથી જ્ઞાનાચારમાં અતિચાર લાગતો દૂષણ દેશ થકી શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢ દૃષ્ટિ, અનુપબૃંહણા, અસ્થિરીકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના કરતો તથા સાધુનું ઉપબૃંહણા સ્થિરીકરણ વાત્સલ્ય પ્રભાવના કરતો, લઘુ થશે એમ ધારીને અશુદ્ધ આહાર ઉપધિ શય્યા માટે ઉપાધ્યાય જે પાસત્થા અવસન્ના કુશીલિયા સંસક્તા અને યથાછંદા ઉપરમતા

કરતો અને શ્રાવક અગર જ્ઞાતિજનોનું પરિપાલન કરતયા તેમની સાથે સાંસારિક વ્યવહાર કરે, તેમની સારવાર કરે અને સૂત્રાર્થ આપી વાત્સલ્ય કરે એકેન્દ્રિયને ગાઢ પરિતાપ ઉપજાવે, વિકલેન્દ્રિયને અનંતકાયને અગાઢ પરિતાપ ઉપજાવે પંચેન્દ્રિયનો સંઘટ્ટો કરે, ઇત્યાદિક બાર વિષયક મૃષાવાદ જઘન્ય ચોરી, જઘન્ય અદત્તાદાન, જઘન્ય પરિગ્રહ સેવતો, પાખંડ અધ્યવપૂરક, શ્રમણ અધ્યવપૂરક, કૃતૌદ્દેશિક, કૃતસમુદ્દેશિક, કૃતઆદેશિક, કૃતસમાદેશિક, ભક્તપાનપૂતિક, માયાપિંડ, અનંતકાય અવ્યવહિત નિક્ષિપ્તપિંડ ગ્રહણ કરતો, ઉત્કૃષ્ટ ઉપધિની પડિલેહણા ન કરતો તેને પાડે ખમાવે અને પાણી ભોગવે ઉપધિ ગુમાવે પાણી ન ભોગવે જઘન્ય ઉપધિ ધુવે તો, જઘન્ય ઉપધિ વહોરીને આચાર્યને ન બતાવે આચાર્યે ન આપેલ જઘન્ય ઉપધિ ભોગવે, આચાર્યની આજ્ઞાવગર આચાર્યે ન આપેલી જઘન્ય ઉપધિ બીજા સાધુને આપતો, ભિક્ષુપાક્ષિક તપ ન કરતો, સ્થવિર

આનુમાસિક તપ ન કરે તો, ક્ષુલ્લક સંવત્સરી તપ ન કરે તો

માત્ર કાઉસ્સગ્ગ ગુરુથી જુદા પારે તો, ગુરુ પહેલાં પારે, અધૂરા

પારે, ભાંગે, માત્ર, વાંદણા અપૂર્ણ દે કે ભાંગે, પ્રતિક્રમણમાં

જો કાઉસ્સગ્ગ ન કરે, જો વાંદણા ન દે, અપ્રતિલેખ્ય દુષ્પંચક વાપરે

ગુરુને પૂછ્યા વિના સ્થાપના કુલોમાં ગોચરી જાય, ધર્મકાર્યમાં શક્તિ

ગોપવે તો ગુરુમાસની આપત્તિ આવે.

લઘુલઘુના આપત્તિ સ્થાનો :- અનાગાઢ યોગોમાં અંગને વિષે શ્રુતસ્કંધ

વિશે, શ્રુતસ્કંધ વિષે અને આગાઢયોગોમાં કાલાતિક્રમ આદિથી સામાચારી

અતિચાર લાગે તો સામાન્યપણે સૂત્રાતિચાર લાગે અનાગાઢ

દેશ થકી લાગે તો, ઉપાધ્યાય દ્વારા થતી શંકાદિ આઠ અતિચાર

લાગે તો, ઉપાધ્યાય સાધુનું ઉપબૃંહણ સ્થિરીકરણ વાત્સલ્ય પ્રભાવના

ન કરે તો, સહાયક બનાવવા માટે અથવા આહાર ઉપધિ શય્યાનો

પ્રાપ્તિ માટે આચાર્ય કોઈ પાસત્થા અવસન્ના કુશીલિયા સંસત્ત કે યથાછંદની મમતા કરે તો અથવા શ્રાવક કે પોતાના જ્ઞાતિજનોનું પરિપાલન કરે તેને સાથે રાખે. સાંભોગિકપણું કરે. સૂત્રાર્થ આપી તેનું વાત્સલ્ય કરે. એકેન્દ્રિય જીવને ઉપદ્રવ કરે, વિકલેન્દ્રિય કે અનંતકાય વનસ્પતિકાયને અતિગાઢ પરિતાપ ઉપજાવે. પંચેન્દ્રિય જીવને અગાઢ પરિતાપ ઉપજાવે તો, મધ્યમ મૃષાવાદ બોલે તો મધ્યમ અદત્તાદાન લે [illegible] મધ્યમ પરિગ્રહ રાખે તો, યાવદર્થિક મિશ્રજાત, સૂક્ષ્મ પ્રાભૃતિકા, સ્વગ્રામાભ્યાહૃત, નિષ્પ્રત્યપાય પરગ્રામાહૃત, કર્મોદ્દેશિક, ધાત્રીપિંડ, માનપિંડ, સંબંધી સંસ્તવપિંડ, વિદ્યાપિંડ, મંત્રપિંડ, યોગચૂર્ણપિંડ, પ્રગટકરણ, પ્રકાશકરણ, દ્રવ્યક્રીત, આત્મભાવક્રીત, લૌકિક પ્રામિત્ય, લૌકિક પરાવર્તિત પિહિતોદ્ભિન્ન, કપાટોદ્ભિન્ન, ઉત્કૃષ્ટમાલાપહૃત આછેદ્ય, અનિસૃષ્ટ પુર: કર્મ, પશ્ચાત્કર્મ, ગર્હિતદ્રવ્ય મ્રક્ષિત, પ્રત્યેક અવ્યવહિત નિક્ષિપ્ત, પિહિત

સંહૃત, ઉન્મિશ્ર, અપરિણત, છર્દિત, પ્રમાણોલ્લંઘન, સધૂમ/ઈંગાલનું કરે અને અકારણે આહાર કરે તથા કારણે આહાર ન કરે તો, તો અવર્ણ અનુલિપ્ત. સર્વઉપધિ પડિક્રમે અને પાછળથી ભેળી ભરવો, જઘન્ય ઉપધિ વગેરેને આચાર્યને ન જણાવે તો આચાર્યે ન આપ્યા છતાં મધ્યમ ઉપધિ વાપરે તો, આચાર્યે આપેલ મધ્યમ ઉપધિ તેમની આજ્ઞા વિના બીજાને આપે તો ઉપાધ્યાય પાક્ષિક તપ ન કરે તો ભિક્ષુક ચાતુર્માસિક તપ ન કરે, સ્થવીર સાંવત્સરિક તપ ન કરે. સર્વ કાઉસ્સગ્ગ ગુરુથી જુદા પારે - એક ગુરુથી પહેલાં પારે, સર્વ કાઉસ્સગ્ગ ભાંગે, સર્વ વાંદણાં ભાંગે, ત્રીજીવાર વાંદણાં ન દે, ત્રીજીવાર કાઉસ્સગ્ગ ન કરે, પુસ્તક પીંછ વાપરે રાખે.

અનુગુરુના આપત્તિસ્થાનો :- આગાઢ યોગમાં અંગ વિષયક સૂત્રાર્થમાં કાલાતિક્રમાદિથી જ્ઞાનાચારમાં અતિચાર લાગે. સામાન્યપણે અર્થ

વિષયમાં અતિચાર લાગે, અપ્રાપ્ત (પર્યાય અને શ્રુતથી) અપાત્ર
તિંતિણિકાદિ અને અવ્યક્ત શ્રુત અને વ્રતથી ને ઉદ્દેશ સમુદ્દેશાદિ
કરાવે તો પ્રાપ્ત પાત્ર અને વ્યક્તને ઉદ્દેશાદિ ન કરાવે તો, સૂત્રાર્થની
વાચના વખતે વાચનાચાર્યનું આસન ન પાથરે, સ્થાપનાચાર્ય
ન સ્થાપે, વંદન અને કાઉસ્સગ્ગ ન કરે આગાઢયોગમાં દેશ
થકી ભાંગો લગાડે (વિગય વાપરીને પછી કાઉસ્સગ્ગ જ કરે
અથવા પોતાની મેળે વિગય વિસર્જવાનો કાઉસ્સગ્ગ કરીને
વિગય વાપરે અથવા વિગય અને વિગયવકારનો આહાર અન્યપાત્રમાં
લે અથવા ન કહેવા છતાં સંદિસહુ કાઉસ્સગ્ગ કરેમિ કહે
અનાગાઢ સર્વથા ભાંગો લગાડે (આયંબીલ ન કરે - વિગય વાપરે)
દેશ થકી શંકા - આદિ કરે મિથ્યાત્વની ઉપબૃંહણા અને સ્થિરીકરણ
કરે, તેની વાત્સલ્ય પ્રભાવના કરે વિભાગની અપેક્ષાએ ઉપરનાં

પદોમાં આચાર્યને જ ચતુર્ગુરુની આપત્તિ કહેલી છે. સાધુનું
ઉપબૃંહણા સ્થિરીકરણ - વાત્સલ્ય અને પ્રભાવના ન કરે. વિકલેન્દ્રિ
અને અનંતી વનસ્પતિનો ઉપદ્રવ કરે તથા પંચેન્દ્રિયને ગાઢ
પરિતાપ ઉપજાવે ઉત્કૃષ્ટ મૃષાવાદ બોલે, ઉત્કૃષ્ટ અદત્તાદાન લે
ઉત્કૃષ્ટ પરિગ્રહ રાખે, ઓઘો લેપવાળા - ખરડેલી રાખે, પાત્રા, પાત્રપણી
ખરડેલા વાસી રાખે સૂંઠ મરી આદિ સુક્કા સંનિધિ રાખે તો
કર્મ સમુદ્દેશ, કર્મ સમાદેશ આધાકર્મિક, પાખંડિક, મિશ્રજાત,
સાધુમિશ્રજાત, બાદર પ્રાભૃતિકા, લોભપિંડ, સપ્રત્યપાય પરગ્રામાદિ
- અનંતર અનંત વનસ્પતિ નિક્ષિપ્ત, અનંત વનસ્પતિ પિહિત
અનંત વનસ્પતિ સહિત અનંતમિશ્ર, અનંત પરિણત અનંત
છર્દિત પિંડ, વર્તમાન ભાવિક નિમિત્ત પિંડગ્રહણ કરે,
સંયોજના કરે તથા અંગાર દૂષિત કરે દાર ભરે, અનંતાય

અપાર જુગાર આદિ ઇન્દ્રજાળ દેખાડે, સમસ્યા પૂરે અથવા
પૂછે પ્રહેલિકા કોયડા પૂછે કે ઉકેલે, ઉત્કૃષ્ટ પોકારે, કોલાહલ કરે,
ગીત ગાય, છવેલી ખંડકાવ્ય બોલે ભણે, મોર તિતર પોપટ
મેનાની જેમ બોલે, રેલગાડી પગરખાનો શબ્દ કરે ઇત્યાદિ
સ્થાનોમાં અનુગુરુ ઉત્કૃષ્ટ ઉપધિ ભાવે, ઋતુબદ્ધ કાળમાં
ઉત્કૃષ્ટ ઉપધિ ધોવે, ઉત્કૃષ્ટ ઉપધિ વહોરી આચાર્યને ન જણાવે,
આચાર્યે ન આપેલ ઉત્કૃષ્ટ ઉપધિ વાપરે, આચાર્યે આપેલ
આચાર્યની આજ્ઞા વગર ઉત્કૃષ્ટ ઉપધિ બીજાને આપે રજોહરણ
વગર શરીર પ્રમાર્જન, અવગ્રહ છોડીને અવગ્રહ બહાર જાય મુહપત્તિ
ભાવે, કાલાતિક્રાન્ત માર્ગાતિક્રાન્ત આહાર ભોગવે. આચાર્ય
પાક્ષિક તપ ન કરે, ઉપાધ્યાય ચાતુર્માસિક તપ ન કરે ભિક્ષુ
સાંવત્સરિક તપ ન કરે સંપૂર્ણ આવશ્યક ન કરે સર્વથા વાંધણા

ન કે દિવસે ન જોયેલ સ્થાને રાત્રે સ્થંડિલ જાય, નિષ્ઠીયુ
દિવસે નિદ્રા લે પક્ષ કે ચાર માસ ઉપરાંત ક્રોધ રાખે, આસવ(મદિરા)
કંકોલ (તંબોલ) લવંગ સોપારી-જાયફળ-તંબોલ આદિ વાપરે દીવ
માયાઓમાં (સ્વાદીષ્ટ વસ્તુ ગુપ્ત રીતે વાપરીને નિરસ-અરસ
આહાર આચાર્ય પાસે વાપરે વિગયની ત્યાગી છે. એવા યશ માટે.
૫૨ લઘુઓના આપત્તિ સ્થાનો :- અગાઢ યોગમાં સર્વથી ભાંગો
ગાઢ આયંબીલના સ્થાને વિગય વાપરે પંચેન્દ્રિયનો ઉપદ્રવ કરે,
તેલ ઘૃત આદિ આર્દ્ર-પ્રવાહી સંનિધિ રાખે, સર્વ ઉપધિ ખુવે.
રજોહરણ ખુવે *અનુબદ્ધકાળમાં સર્વે ઉપધિ ધોવે, સર્વ ઉપધિ
વહોરી આચાર્યને ન જણાવે આચાર્ય આપ્યા વગર સર્વઉપધિ
ભોગવે કે આચાર્યની રજા વગર બીજાને આપે આચાર્ય ચાતુર્માસિક
તપ ન કરે ઉપાધ્યાય સાંવત્સરિક તપ ન કરે.

ષડ્ગુરુના આપત્તિસ્થાન:- દિવાગ્રહિત રાત્રીભુક્ત, રાત્રીગ્રહિત દિવાભુક્ત, રાત્રીગ્રહિત, રાત્રીભુક્ત રાત્રીભોજનમાં આચાર્ય સાંવત્સરિક તપ ન કરે.

ઉપર્યુક્ત સપ્તવિધ તપ ઉપરાંત શાસ્ત્રમાં એક કલ્યાણક અને પંચકલ્યાણક તપનો નિર્દેશ પણ આવે છે. ૧ નીવી, ૧ પુરિમડ્ઢ, ૧ એકાશન, ૧ આયંબિલ, ૧ ઉપવાસનું સામુહિક નામ એક કલ્યાણક અને પાંચ નીવી પાંચ પુરિમડ્ઢ પાંચ એકાશણાં પાંચ આયંબિલ પાંચ ઉપવાસાત્મક તપનું નામ પંચકલ્યાણક કહેવાય છે. કેટલાક આચાર્યો એક કલ્યાણકને સ્થાને બે ઉપવાસ અને પાંચ કલ્યાણકના સ્થાને ૧૦ ઉપવાસ આપવાનું વિધાન કરે છે.

પંચકલ્યાણકના આપત્તિ સ્થાનો:- દર્પથી પંચેન્દ્રિયની હિંસા કરતાં, સંક્લિષ્ટ કર્મ (હસ્તકર્મ) કરતાં, લાંબાકાળ સુધી આધાકર્માદિ

અકલ્પ્ય સેવન કરે તો, દીર્ઘકાળ સુધી ગ્લાન કલ્પ સેવન કરે તો, ચોમાસામાં સર્વ ઉપધિનો કાપ કાઢે તો, ભિક્ષાપાત્રની પડિલેહણા ન કરે તો, ચોમાસીક સાંવત્સરિક આલોચનામાં નિરતિચાર હોવા છતાં પંચકલ્યાણક અપાય છે.

છેદાપત્તિમાં પણ તપ :- સામાન્ય નિયમ પ્રમાણે જ્યાં જે પ્રાયશ્ચિતની આપત્તિ આવતી હોય ત્યાં તે જ પ્રાયશ્ચિત અપાય છે. પણ અપવાદરૂપે ક્વચિત છેદાપત્તિમાં પણ તપ અપાય છે. ઉદાહરણ તરીકે જે સાધુને છેદ ઉપર શ્રદ્ધા ન હોય, પર્યાય છેદવા છતાં પશ્ચાત્તાપ થતો ન હોય, લાંબા પર્યાયના કારણે પર્યાય છેદવા છતાં ન હોય તેવા સાધુને છેદાપત્તિમાં પણ તપ પ્રાયશ્ચિત આપવું. ગચ્છનાયક આચાર્યને છેદાપત્તિ હોય તો પણ તપ પ્રાયશ્ચિત આપવું. છેદ પ્રતિસેવનાથી દૂષિત થયેલાનો દીક્ષા પર્યાય કાપી નાખવો

તેનું નામ છેદ કહેવાય.

છેદના આપત્તિસ્થાનો :- જે તપોગર્વિત હોય (ષાણ્માસિકાદિ તપ કરનાર હોઇ તપ કરવાથી ડરતો ન હોય) બાલ કે ગ્લાન કોઈ તપ કરવાને સમર્થ ન હોય, જેની તપ ઉપર શ્રદ્ધા હોય નહિ અથવા જેનું તપથી દમન થતું ન હોય, વારંવાર અપરાધ કરતો હોય, જે અતિપરિણામી હોય ઘણા ઉત્તરગુણોથી ભ્રષ્ટ થયો હોય, જે વારંવાર છેદાપત્તિ કરતો હોય, સંવિગ્ન સાધુઓની સાર કરનાર પાસત્થો, અવસન્નો તપોભૂમિ ઉલ્લંઘન કરી ગયો હોય, (ઋષભ સ્વામીના કાળમાં ૧ વર્ષ, બાવીશ તીર્થંકરના કાળમાં આઠ માસ, વર્ધમાન સ્વામીના તીર્થમાં છ મહિના પ્રમાણ ઉત્કૃષ્ટ તપોભૂમિ ગણાય) જે પોતાના સમયનું ઉત્કૃષ્ટ તપ કરી ગયો હોય, કરી મુકયો હોય, તે તપોભૂમિ ઉલ્લંઘન કરી ગયો કહેવાય. પંચયતી આદિકની વૃદ્ધિએ

છ માસ પર્યંત અથવા જ્યાં સુધી તેનો પર્યાય બાકી રહે ત્યાં સુધી છેદાર્હ પ્રાયશ્ચિત આપવું. મૂલ: વિરાધનાથી દૂષિત થયેલા પર્યાયને મૂલથી કાપીને ફરી મહાવ્રત આપવાં તેનું નામ મૂલ.

મૂલના આપત્તિ સ્થાનો:- વિચારપૂર્વક પંચેન્દ્રિયની હિંસા કરનાર દર્પથી મૈથુન સેવનાર, વારંવાર ઉત્કૃષ્ટ મૃષાવાદ, અદત્તાદાન અને પરિગ્રહની સેવના કરનાર, તથા ગર્વિતાદિ મૂલોત્તર ગુણોમાં વારંવાર ભાંગો લગાડનાર, દર્શન વમનાર, ચારિત્ર વમનાર દર્શન ચારિત્રના કૃત્યોનો ત્યાગ કરનાર, મૂલ પ્રાયશ્ચિતી, અનુપસ્થાપિત નવા શિષ્યને પણ મૂલ આપવું. અત્યંત અવસન્ન ગૃહસ્થ અને અન્યદર્શનીનો વેષ કરનાર અને મૂલ કર્મ કરનારને (સ્ત્રીગર્ભ શાતન-પાતન કરનારને મૂલ તપ-છેદ અને મૂલને ઉલ્લંઘન કરીને અનવસ્થાપ્ય તપ અને ~~પ્રાયશ્ચિત~~ પારંચિત તપને પાર વહેલ ભિક્ષુને મૂલ આપવું.

છેદથી જેનો સંપૂર્ણ પર્યાય કપાઈ ગયો હોય તેને મૂળ આપવું અનવસ્થાપ્ય અને પારંચિત તપ કરનારને તે તપ પૂર્ણ કર્યા પછી મૂળ આપવું. વારંવાર મૂલાપત્તિ કરનાર ભિક્ષુકને મૂળપ્રાયશ્ચિત તપ આપવું.

અનવસ્થાપ્યના આપત્તિસ્થાનો:- નિષ્ઠુર ચિત્તવાળો થઈ ઉત્કૃષ્ટ ચોરી કરનાર, વારંવાર ચોરી કરનાર, ઘોર પરિણામી થઈ સ્વપક્ષને વિષે (સાધુઓને વિષે) નિર્દયપણે લાકડી મુઠ્ઠી - આદિનો પ્રહાર કરનાર, સર્વપ્રકારના પારંચિત અપરાધો અને અનેક પ્રકારની અનવસ્થાપ્યપણાની આપત્તિઓનો પ્રસંગ કરનાર ઉપાધ્યાયને લીંગ ક્ષેત્ર-કાળ અને તપ વડે અનવસ્થાપ્ય કરાય છે.

લિંગ અનવસ્થાપ્ય:- જે ક્ષેત્રમાં દૂષિત થયો હોય તેને તે ક્ષેત્રમાં

નિષેધ્યો છે. અર્થાત્ જે ક્ષેત્રમાં અનવસ્થાપ્ય છે.

કાલઅનવસ્થાપ્ય: જેટલા કાળ સુધી અપરાધથી નિવૃત્ત ન થાય તેટલા કાળ સુધી અનવસ્થાપ્ય છે. તપ અનવસ્થાપ્યના બે ભેદ છે. આશાતના તપ અનવસ્થાપ્ય અને પ્રતિસેવના તપ અનવસ્થાપ્ય જઘન્યથી છ માસ સુધી અને ઉત્કૃષ્ટથી એક વર્ષ સુધી આશાતના તપ અનવસ્થાપ્ય હોય છે. જઘન્યથી એક વર્ષ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ સુધી પ્રતિસેવના તપ અનવસ્થાપ્ય હોય છે. કારણ વિશેષ સર્વપ્રકારના અનવસ્થાપ્યને થોડું અથવા બહુ થોડું પ્રાયશ્ચિત્ત આપવું અથવા ગાઢ કારણે સંઘ તેને સર્વથા પ્રાયશ્ચિત થી મુક્ત પણ કરી શકે છે. તપ અનવસ્થાપ્ય અમુક કાલ માટે સ્વગચ્છનો ત્યાગ કરી પરગચ્છનો સ્વીકાર કરી તેની સાથે એકલો અને ~~એક~~ ઉપાશ્રયમાં ~~એક~~ બાજુ રહે. શિષ્ય વગેરેને પણ વંદન કરે

પણ પોતે કોઈની પાસે ન વંદાવે. જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટાદિ તપ
પરિહાર ~~કરી~~ તપ કરે ગ્રીષ્મકાળમાં જ.મ.ઉ. ૧-૨-૩ ઉપવાસ, શીતકાળમાં
૨-૩-૪, વર્ષાકાળમાં છટ્ઠ-અઠ્ઠમ-દશમ પારણે આયંબિલ કરે ગચ્છ
સાથે સંવાસમાત્ર તેનો કલ્પે, સંભાષણાદિ ન કલ્પે.

પારાંચિતના આપત્તિ સ્થાન:. તીર્થંકર-પ્રવચન શ્રુત આચાર્ય મહર્દ્ધિક
ગણધરની અભિનિવેશથી વારંવાર આશાતના કરનાર આચાર્ય
પારાંચિત પ્રાયશ્ચિત્ત માત્ર કરે છે. જે સ્વલિંગ દુષ્ટ (સાધ્વીકામુક) કષાય
દુષ્ટ અને વિષયદુષ્ટ હોય, રાજમારક હોય. રાજા ગ્રામહિષી આદિ
પ્રતિસેવી હોય પ્રગટપણે વારંવાર પારંચિત યોગ્ય અપરાધ
કરનાર હોય, જે અન્યોન્ય સેવી (મુખ-પાયુ-મૈથુન સેવી)
હોય અને જે છેલ્લી હદની પારંચિત યોગ્ય આપત્તિઓમાં
વારંવાર આસક્ત હોય તેને લિંગ પારાંચિત કરવા (સાધુવેષ ખૂંચવી

લઈ કાઢી મૂકવો) જે (થિણદ્ધીનિદ્રાના ઉદયવાળો હોય તેને પણ લીંગપારાંચિત કરવો. ૧ લીંગપારાંચિત, ૨ ક્ષેત્રપારાંચિત ૩ કાલ પારાંચિત અને ૪ તપપારાંચિત એમ ચાર પ્રકારના પારાંચિત છે તેમાં પ્રગટ સેવી અને સ્ત્યાનર્દ્ધિનિદ્રાના ઉદયવાળો લીંગ પારાંચિત છે. વસતિ-ઉપાશ્રય, નિવેશન અને પ્રવેશ નિર્ગમનવાળા જે આદિ ઘરનો જથ્થો-નિયોગ (રાજધાનીપુર દેશ) પાટક-પાડો મહોલ્લો) શાખી (શેરી) ઘરની પંક્તિ નિયોગ-નગર દેશ અને રાજ્યમાં જેણે જ્યાં અપરાધ કર્યો હોય તેને ત્યાંથી કાઢી મૂકવો તે ક્ષેત્ર પારાંચિત કહેવાય.

જ્યાં દોષ ઉત્પન્ન થયો હોય અથવા થશે તે સ્થાનથી અથવા કુલ ગણ અને સંઘના સ્થાનમાંથી કાઢી મૂકવો તે પણ ક્ષેત્ર પારાંચિત કહેવાય જેટલા સમયસુધી તે દોષથી તે દૂર થાય

જેટલા કાળ સુધી કાઢી મૂકવો તે કાળપારાંચિત કહેવાય. તપ
પારાંચિતના તપો અનવસ્થાપ્યના જેવા જ. આશાતના પારાંચિત
અને પ્રતિસેવના પારાંચિત એમ બે ભેદ છે. પારાંચિત (તપ પારાંચિત)
જિનકલ્પીની જેમ ક્ષેત્રથી અર્ધયોજન બહાર જ્યાં જ્યાં આચાર્ય વિચરે
ત્યાં ત્યાં વિચરે અને વિપુલતપ કરે. એક આચાર્ય અથવા સાધુ
તેની દેખરેખ કરે (બીમારી આદિમાં આહાર પાણી લઈ જઈને આપે)
તપો અનવસ્થાપ્ય અને તપઃ પારાંચિત એ બંને પ્રાયશ્ચિત્તો તો
ચૌદ પૂર્વધર શ્રી ભદ્ર બાહુ સ્વામિ સાથે વિચ્છેદ થયાં છે. શેષ લિંગા
વસ્થાપ્ય, લિંગ પારાંચિત, ક્ષેત્રાનવસ્થાપ્ય, ક્ષેત્ર પારાંચિત, કાલાન
વસ્થાપ્ય અને કાલપારાંચિત જ્યાં સુધી તીર્થ છે ત્યાં સુધી રહેશે.

જીતકલ્પ સૂત્ર મૂળ અને ચૂર્ણીનો ભાવાર્થ :-

જીનપ્રવચનને પ્રણામ કરીને જીતવ્યવહારમાં જે પ્રાયશ્ચિત દાન વર્તમાન
કાળમાં છે અને જે પ્રકારની વિશુદ્ધિ પ્રાયશ્ચિત દાનની જાણ થાય છે.
તેને હું કહીશ ॥૧॥ સંવર નિર્જરા એ મોક્ષનો માર્ગ છે. તેનો
માર્ગ તપ, તપ એ પ્રાયશ્ચિતનું પ્રધાન અંગ અને જ્ઞાનનું ફળ
સાર હોય તો ચારિત્ર, ચારિત્રનો સાર નિર્વાણ. ચારિત્રની શુદ્ધિ માટે
પ્રાયશ્ચિત છે. જેમ કે શરીર, મકાન વિગેરેની શુદ્ધિ - દૈનિક - અઠવાડિક
- પાક્ષિક - માસિક - વાર્ષિક કરીએ છીએ; તેની શુદ્ધિ ન થાય ત્યાં
સુધી મનને ચેન પડતું નથી. તેમ આત્મા અને સંયમની શુદ્ધિ
માટે સાધુમાટે જ મોટું પ્રાયશ્ચિત આવશ્યક છે જ વખતે જરૂરી
છે. જેમ વસ્ત્રાદિકની શુદ્ધિ કરવા માટે પાણી, સાબુ, મહેનત,
અપ વીર્યની જરૂર. તેમજ જેટલા પ્રમાણમાં મેલ હોયતો તે પ્રમાણમાં
ગરમી લહેરમાં આપવી પડે. તેમ આડીયળ ઇત્યાદિક - તેવી પ્રાયશ્ચિત

ગીતાર્થ ગુરૂઓ આપે છે. માટે મોક્ષાર્થીઓએ અવશ્ય પ્રાયશ્ચિત

લેવું જોઈએ. તદ્દન પ્રકારનું છે. આલોચણ ૧ પ્રતિક્રમણ ૨

તદુભય ૩ વિવેક ૪ કાઉસ્સગ્ગ ૫ તપ ૬ છેદ ૭ મુળ ૮

અનવસ્થાપ્ય ૯ પારંચી ૧૦ સંયોગયોગી સાધનાં ઉપયોગવાળાં

હોય. તેનાથી પણ નિરતિચાર પણે ચારિત્ર પાળવા પ્રયત્ન કરે

તો પણ છદ્મસ્થાને સાધુઓને વિરાધી કરનાર આલોચણ લેવી જોઈએ

આહાર વસ્ત્રપાત્ર, ઔષધિ વસ્તી ગ્રહણ કરવામાં તેમ જ બહાર

જવા આવવામાં - માત્રું - ઠંડીલ વિહારભૂમિ - ચૈત્ય જુહારવા, સાધુ

વંદનાદિક ક્રિયામાં તેમ જ સાધુ યોગ્ય ભાગ કરેલા, સો ડગલાં

બહાર ગયાં. એ વિગેરે આચાર્ય પાસે ન આલોવે (ફરી સંભળાવે)

ત્યાં સુધી દોષીત ગણાય. આલોવે પછી શુદ્ધ કહેવાય - પાપ કાર્યનો

આત્મા શુદ્ધિથી બને.

પોતાના ગુરુના સમુદાયમાંથી જ્ઞાનાદિક કારણે અધિક જ્ઞાનાદિકની પ્રાપ્તિ માટે બીજા સમુદાયમાં જાય; તો પણ તે નિરતિચાર સાધુને ઉપસંપદા વિહારમાં આલોચના લેવાની ગુરુની આજ્ઞાપૂર્વક અન્યના સમુદાયમાં જવાની ગુરુએ આજ્ઞા આપી હોય તો પણ ત્યાં પણ ઉપસંપદા લેવા પહેલાં શુદ્ધિ કરવી જોઈએ.

ગુપ્તિ સમિતિમાં પ્રમાદ ગુરુની આશાતના વિનયભંગ, ઈચ્છાકાર ઈત્યાદિ મંડલ સમાચારીનું અપાલન, નાના નાના મૃષા અદત્ત-પરિગ્રહ સંબંધી દોષો, અવિધિથી છીંક, બગાસું ઉધરસ ખાવામાં ઉપર હાથ રાખ્યા વગર અગર મુહપત્તિ રાખ્યા વગર ઓડકાર ખાવો, તે અવિધિ, હાથ કે મુહપત્તિ રાખી છીંક આદિ ખવાય તે વિધિ; કૌતુક કરવા, હસવા, પૂરું કરવું અને અસંક્લિષ્ટ કર્મ કંદર્પ વાચિક અગરકાયિક હાસ્ય -

સ્ત્રીરાજ-ભક્ત દેશ ચાર પ્રકારની વિકથા કરવી. ક્રોધાદિક કષાયો,
શબ્દાદિક વિષયોનું રાગ.

એ અતિચાર પામેલો તે અતિચાર સહસાકાર કે અનાભોગ
અજાણ્યા ભૂલવાથી કદાચ ઈરાદા ન પણ થઈ હોય, અથવા તો ઉપયોગમાં
હોય અને અતિચાર લાગી ગયા તો મિચ્છામિ દુક્કડં માં પરિણામો
શુદ્ધ ગણાય. સહસાકાર અનાભોગથી અતિચાર લાગી ગયા હોય તો
સ્પષ્ટ બુદ્ધિપૂર્વક ઉપયોગસહિત નાના એવા સ્નેહસંબંધને અંગે,
ક્યાં સ્નેહ રાગ, પાતરા, કાપડ, કાંબળી, સાત પ્રકારના ભય થાય.
ઇષ્ટના વિયોગ, અનિષ્ટના સંયોગમાં શોક થાય. આતુરપણું,
શરીર- [struck out] શુશ્રૂષા શરીર શોભા રાખવું. હાથ-પગ વસ્ત્રાદિક ધોવાં,
આદિ શબ્દથી પાસત્થો - ઓસન્નો, સાશંકપણું પણ સાથે લેવું.
કંદર્પ હાસ્ય, વિકથા, કષાય, વિષયારંભ આ નાના નાના દોષ

લાગ્યા દોષ નો પણ તે પ્રતિક્રમણથી શુદ્ધ થઈ શકે નવા
દોષો લાગવા

૧૩ મી ગાથા - હવે તદુભય એટલે આલોચવું અને પ્રતિક્રમણ
બન્ને સાથે જે તદુભય પ્રાયશ્ચિત કહેવાય. હાથી, સિંહ, પાણી,
અગ્નિ આદિકના ભય ચોર, રોગી જેમ તરસથી પીડિત,
દુષ્કાળ, આંખો આવી દોષ તે દ્રવ્ય આપત્તિ. દ્રવ્યની દુર્લભતા,
ક્ષેત્રની આપત્તિ, કાળ આપત્તિ, દુષ્કાળમાં, ભાવ આપત્તિ,
રોગાવસ્થા આદિ માંદગી આ વિગેરેમાં હિંસાદિક દોષ લાગે
નો પણ પ્રયત્નપૂર્વક દોષ ટાળવાની બુદ્ધિ અનાભોગવશ
ઉતાવળથી દોષ લાગવા પણ છે. સર્વપ્રકારનાથી સર્વવ્રતના અતિચાર
લાગે, પ્રમાદવશ થાય ત્યારે પૃથ્વી, અપ અગ્નિ પવન
વનસ્પતિ ખુંદે, તેના ઉપર ચાલે, બે ત્રણ - ચાર પાંચ ઇંદ્રિયાવાળા

જીવોની વિરાધના કરી ઝુબાવાદાદિ મહાવ્રત. રાત્રિભોજનના અતિચારો

લગાડે, એવી રીતે ઉત્તરગુણોમાં અતિચારો લાગ્યા હોય

તદુભય :- એટલે ગુરૂપાસે કહી સંભળાવવું તે આલોચણા. પછી

ગુરૂ કહ્યા પ્રમાણે મિથ્યાદુષ્કૃત આપે તે શુદ્ધ. મેં કર્યું છે કે નથી

કર્યું તેવી શંકા રહે તે બધામાં તદુભય પ્રાયશ્ચિત કરનાર શુદ્ધ

ગણાય.

૧૪મી ગાથા : સંયમની વિરાધના થાય, નવું કુત્સિત મિતવું દુર્વચન

બોલ્યા, ખરાબ ચેષ્ટા કરી. દુષ્પાડિલેહણા દુષ્પ્રમાર્જન કરી, અનેક વખત

તેવાં કાર્યો થયા ઉપયોગવાળો સાધુ. પ્રયાણપૂર્વક એવી જ યોગોના

દુષ્ટ કાર્યો થયાં હોય તે આલોયણા કરતી વખતે કિંચિત અતિચાર

આલોવતિ વખતે યાદ ન આવે આદિથી રાઈ પડિક્કમણ, ચોમાસી,

સંવત્સરી અતિચારો યાદ ન આવે.

૫૫મી ગાથા: ઉત્સર્ગ એ પ્રથમપદ, અપવાદ દ્વિતીયપદ. દંસણનાણ ચારિત્રના આધારભૂત વિષે. પ્રથમ એટલે જયણાથી. શાસ્ત્રની આજ્ઞા મુજબ ગ્રહણ કરી અને કદાપિ ગીતાર્થને દોષ લાગે તે ઉપયોગપૂર્વક ક્રિયાથી, એની તથા તેની તદુભય પ્રાયશ્ચિત તેમાં અપવાદપદે સદુપયોગે કરી, દોષ કર્યો હોય તો તેમાં તદુભય પ્રાયશ્ચિત આવે.

૫૬મી ગાથા: હવે વિવેક પ્રાયશ્ચિત કયા કારણોમાં લાગે છે તે જણાવે છે પિંડ ઉપધિ શય્યા અશનપાન-ખાદિમ-સ્વાદિમપાન ગીતાર્થ ઉપયોગ પૂર્વક ગ્રહણ કરે હોય. ગીતાર્થ કોણ? તો કે છેદ સૂત્રોનો અભ્યાસ કર્યો હોય તે શાસ્ત્રની આજ્ઞાપૂર્વક-ઉપયોગપૂર્વક ઉપરાંત પદાર્થો આલોયણ કર્યા પછી પાછળથી જાણ્યું કે અશુદ્ધ દોષિત છે. ઉદ્ગમ ઉત્પાદના એષણા શંકિત અશંકિત એવા દોષવાળા જાણ્યા છતાં શુદ્ધ નિરતિચાર છે.

શાસ્ત્રાનુસાર આહારાદિક લાવ્યા પછી ગીતાર્થે જાણ્યું કે અશુદ્ધ છે તો પછી વિધિપૂર્વક પરઠવતાં સાધુ શુદ્ધ છે.

૯મી ગાથા. કાલાતિક્રમ એટલે પ્રથમ પોરસીમાં લાવેલ અનશનાદિક છેલ્લી પોરસી સુધી રાખી વાપરે તે. અર્ધયોજનથી આગળ આહારાદિક લઈ જાય તે અદ્ધ્વાનાતિક્રમ. ત્યાંથી લાવેલું કે લઈ જવાએલું અશઠપણે કે શઠપણે - વિકથા - ક્રીડા ઈન્દ્રિયાદિકનાં આસક્ત બની કાળ અતિક્રમણ કરે તો તે શઠ, ગ્લાન, ગુરુરથ. પંડોલ - લાપના કારણે અતિક્રમ કરવા વડે કરીને સેવતાં અશઠ વિધિથી ત્યાગ કરી પરઠવે તો શુદ્ધ, સૂર્યોદય પહેલાં આથમ્યા બાદ, જે અશનાદિક અશઠપણે આડા પર્વત હોય, અને સૂર્ય ન દેખાય, સૂર્યોદય થયો છે. તેવા વખતે સૂર્ય આથમ્યો નથી તેમ જાણીને વહોરે પાછળથી ખરી વાત જાણે. પછી પરઠવે તો શુદ્ધ, સાધારણ,

ગ્લાનાદિ કારણે આચરિત બાલ પરીક્ષા, દુર્ભિક્ષ માં

ગાઢું જ્ઞાન ભણવાના કારણે જ ગ્રહણ કર્યું વિધિપૂર્વક ભોજન

કર્યું. તેમ જ ત્યાં તો અશુદ્ધ આહારાદિક વધી પડ્યા તેને કોઈ ન

લેવાથી શરીર [illegible] એવા ભાવ. શાસ્ત્રમાં કહેલા હર્ષિ રાગને ત્યાગ

કરે તો પરઠવતાં એમ કરતાં સાધુ શુદ્ધ તેને વિવેકઈ પ્રાયશ્ચિત.